ગાંધીનગરથી દર ગુરૂવારે પ્રકાશિત થતું સાપ્તાહિક
Agnipath (Weekly) Gandhinagar
Permitted by SSP GNR to Post at GNR Stg
Every Thursday Under Regd. No. : G GNR - 214 / 2012-14

ओ३म्
अस्माकं वीरा उत्तरे भवन्तु

॥ કૃણ્વન્તો વિશ્વમાર્યમ્ ॥

# અગ્નિપથ

વર્ષ : ૧૫ અંક : ૦૭ તંત્રી : અરવિંદ કે. રાણા ● તારીખ : ૧૩-૦૨-૨૦૧૪, ગુરૂવાર R.N.I. No. GUJGUJ/2000/1951 ● કિંમત : રૂા. ૪.૦૦ ● પાના : ૪

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા

## મુસદ્દારૂપ પ્રથમ પુનરાવર્તિત વિકાસ યોજના ૨૦૨૪ જાહેર

ગાંધીનગર શહેર વિકાસ સત્તામંડળના સમગ્ર વિસ્તાર (ગાંધીનગર મ્યુ. કોર્પોરેશન સહિત)ની મુસદ્દારૂપ પ્રથમ પુનરાવર્તિત વિકાસ યોજના-૨૦૨૪ને તા. ૪થી ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ સત્તામંડળની ૪૭ મી બોર્ડ બેઠકમાં રજુ કરી ચર્ચા વિચારણાને અંતે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૯ હેઠળ સરકારશ્રીની મંજુરી અર્થે સાદર કરવા તથા જાહેર જનતાના વાંધા-સુચનો સ્વીકારવા કલા-૧૩ હેઠળ પ્રસિદ્ધ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવેલ છે. જે અન્વયે અત્રેથી ટૂંક સમયમાં બોર્ડમાં લેવાયેલ નિર્ણયને ધ્યાને લઈ સત્તામંડળની મુસદ્દારૂપ પ્રથમ પુનરાવર્તિત વિકાસ યોજના-૨૦૨૪ને પ્રસિદ્ધ કરવામાં આવશે. ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળનો કુલ વિસ્તાર ૩૮૮ ચો.કિમી. જે પૈકી ૫૭ ચો.કિમી. વિસ્તારની ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન હદ સાથે કુલ ૩૯ ગ્રામ્ય વિસ્તારોનો સમાવેશ થાય છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળની આગામી દસ વર્ષની સંકલિત વિકાસ યોજના કોનસેપ્ટ સાથે એફોર્ડેબલ રહેણાંક, મકાનોની ઉપલબ્ધિ થથા શહેરીકરણની તમામ માળખાકીય સુવિધાને ધ્યાને લઈને કરવામાં આવી છે. સને ૨૦૧૧ની વસ્તીના આંકડા અનુસાર ગાં.મ્યુ.કો. વિસ્તારની વસ્તી ૨૦૨૧માં વધીને અંદાજીત ૨,૪૦,૬૨૦ તથા સને ૨૦૩૧માં ૩,૩૫,૬૭૮ થવા અંદાજ છે. તે જ પ્રમાણે ગુડાની વસ્તી ૨૦૨૧માં વધીને ૨,૫૦,૮૮૫ તથા સને ૨૦૩૧માં ૨,૮૧,૩૬૯ થવા અંદાજ છે. આમ સમગ્ર ગુડા વિસ્તારની સને ૨૦૨૧ની અંદાજીત વસ્તી ૪,૯૧,૫૦૫ તથા ૨૦૩૧માં અંદાજીત વસ્તી ૧૦,૦૦,૦૦૦ થવા અંદાજ છે.

શહેરની વધતી વસ્તીને સમાવી લેવા શહેરીકરણની સુવિધાઓ સાથે સસ્ટેનેબલ અને એફોર્ડેબલ વિકાસને પ્રાધાન્ય આપેલ છે. ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ મુસદ્દારૂપ પ્રથમ પુનરાવર્તિત વિકાસ યોજના-૨૦૧૪ તૈયાર કરવા સંદર્ભે ગુડા વિસ્તારના જુના બેઝમેપ, ને જીઆઈએસ આધારિત પદ્ધતિમાં જીઓ રેફરન્સ કરી, ડીજીટાઈઝ કરેલ છે. તથા તેમાં ગાં.મ્યુ. કોર્પોરેશન તથા ગુડા વિસ્તારની તૈયાર થયેલ નગર રચના યોજનાઓ જીઆઈએસમાં કન્વર્ટ કરેલ છે. સત્તામંડળમાં આવેલ ગ્રામ્ય વિસ્તારના કેડસ્ટલ મેપ મેળવી તેને પણ જીઆઈએસ આધારિત પદ્ધતિમાં કન્વર્ટ કરેલ છે. વિકાસ યોજનાનો બેઝમેપ જીઆઈએસ ફોર્મેટમાં તૈયાર કરેલ છે, જેથી રાજ્ય તથા કેન્દ્ર સરકારના વિવિધ વિભાગોની માહિતીનું સરળતાથી આદાન-પ્રદાન થઈ શકે તેમજ તમામ આંતમાળખાકીય સુવિધાઓ અન્ડર ગ્રાઉન્ડ સર્વિસીસ નેટવર્ક વિગેરે મેપ ઉપર દર્શાવેલ છે જેથી સમગ્ર કામગીરી પારદર્શક બની રહેશે.

સત્તામંડળ દ્વારા તૈયાર કરાયેલ આ વિકાસ યોજના સર્વગ્રાહી વિકાસ યોજના છે એટલે કે તે તૈયાર કરતી વખતે ઘણાં બધા મુદ્દાઓ ધ્યાને રાખી તેને સમાવિષ્ટ કરેલ છે. મુખ્યત્વે મંજુર થયેલ વિકાસ યોજના અને તેના અમલીકરણનું પૃથક્કરણ, શહેરનાં વિસતરણની દિશા, શહેરમાં વધતા જતાં ટ્રાફીકનું ભારણ, જાહેર જનતાને સમયસર મળતી સુખાકીની સુવિધા, જનરલ ડેવલપમેન્ટ કન્ટ્રોલ રેગ્યુલેશનની વિસંગતતા દુર કરી તેનું સરળીકરણ, સત્તામંડળના વિસ્તારની આસપાસના ઔદ્યોગિક વિસ્તારો કલોલ, દહેગામ, માંડલ, બેચરાજી (એસઆઈઆર), મહેસાણા તેમજ ગુડા વિસ્તારના ટ્રાફીકના સરળ વહન માટે સર્વાગ્રાહી રસ્તાનું માળખું, સરકારશ્રીની વિવિધ નીતિઓ જેવી કે સ્લમ રીહેબીલીટેશન પોલીસી, વિવિધ સરકારી, અર્ધ સરકારી, તેમજ બિનસરકારી સંસ્થાઓ, એનજીઓ, કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારના અન્ય ખાતાઓ તરફથી મળેલ સુચનો તથા તજજ્ઞ કમિટીની મીટીંગ દરમ્યાન થયેલ સુચનોનો વિકાસ યોજનામાં સમાવેશ કરેલ છે.

સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત વાડોકાઈ કરાટે-ડો અકેડમીનાં સહયોગથી

## ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા છત્રાલ ખાતે ૫૦ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ અપાયું

**ગાંધીનગર**

ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા વાડોકાઈ કરાટે-ડો અકેડમી, ગુજરાતનાં સહયોગથી કલોલ તાલુકાના છત્રાલ ખાતે આવેલ ગોગાપુરા પ્રાથમિક શાળામાં મહિલા સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર યોજાઈ ગઈ. સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત યોજાયેલી આ શિબિરમાં વાડોકાઈ કરાટેનાં બ્લેક બેલ્ટ નિષ્ણાત પ્રશિક્ષણ સેનસાઈ






શ્રી કલ્પેશ ચાવડા તથા તેમની ટીમ દ્વારા ૫૦ વિદ્યાર્થીનીઓને પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.

૧૯મી ડિસેમ્બરથી ૨જી જાન્યુઆરી-૨૦૧૩ દરમ્યાન બપોરે ૨-૩૦ થી ૩-૩૦ દરમ્યાન યોજાયેલી આ શિબિરમાં વિદ્યાર્થીનીઓને હાથ અને પગનો ઉપયોગ કરી કેવી રીતે સામેવાળા ઉપર પ્રહાર કરી શકાય તથા આપણા ઉપર કોઈ પ્રહાર કરે તો કેવી રીતે બચાવ કરી શકાય તેનું ક્રિયાત્મક પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. પંચ, બ્લોક, કીક વગેરેની સાથે કોઈ આગળથી કે પાછળથી પકડી લે તો કેવી રીતે છૂટવું વગેરે ટેક્નિક્સનો સઘન અભ્યાસ કરાવવામાં આવ્યો હતો.

આ શિબિરનો સમાપન સમારોહ ૧૦મી જાન્યુઆરીનાં રોજ બપોરે ૩-૩૦ કલાકે શાળા પટાંગણમાં યોજવામાં આવ્યો હતો. જેમાં મુખ્ય અતિથિ તરીકે વાડોકાઈ કરાટે-ડો અકેડમી, ગુજરાતનાં ટેક્નિકલ ડાયરેક્ટર ઓ'સેનસાઈ શ્રી અરવિંદભાઈ રાણા ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. આ ઉપરાંત સર્વ શિક્ષા અભિયાનનાં સી.આર.સી. કોઓર્ડિનેટર શ્રી ગિરીશભાઈ પ્રજાપતિ, ગોગાપુરા ગ્રામ પંચાયતનાં સરપંચ શ્રી પ્રતાપજી ભનાજી ઠાકોર તથા શાળાનાં આચાર્ય શ્રી નિલેશકુમાર બી. ઝાલા ઉપસ્થિત રહ્યાં હતા. સ્વબચાવનું પ્રશિક્ષણ મેળવેલ વિદ્યાર્થીનીઓએ વિવિધ ટેક્નિક્સનું રોમાંચક નિદર્શન કર્યુ હતું.

નિદર્શન બાદ મુખ્ય અતિથિ ઓ'સેનસાઈ શ્રી અરવિંદભાઈ રાણાએ પોતાનાં ઉદ્‌બધોનમાં સ્વબચાવની કરાટે જેવી કળા શીખવાથી થતા લાભ ઉપર પ્રકાશ પાડ્યો હતો. કાર્યક્રમના અંતમાં મંચસ્થ મહાનુભાવના હસ્તે ભાગ લેનાર વિદ્યાર્થીનીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.


## નિમંત્રણ

### વાર્ષિકોત્સવ યોગધામ અને વૈદિક ગુરૂકુળ - ભુજોડી

**સહર્ષ જણાવવાનું કે, ઈશ્વરની કૃપા અને આપસર્વેના સાથ સહકારથી આપના પ્રિય યોગધામ અને વૈદિક ગુરૂકુલ ભુજોડીનો વાર્ષિકોત્સવ કાર્યક્રમ આયોજીત કરવામાં આવેલ છે.**
**જેમાં વૈદિક પ્રવકતા શ્રી સ્વામી શાંતાનંદજી, સંત ઓધવરામ ગુરૂકુલ, ભાવનીપર, કચ્છ અને બ્રહ્મચારી ઈશ્વરાનંદજી , દર્શન યોગ મહાવિદ્યાલય, આર્યવન, રોજડ પધારશે. આપ સર્વે પરિવારજનો, મિત્રો સહિત પધારવા હાર્દિક આમંત્રણ છે.**

### કાર્યક્રમ

| | |
|---|---|
| યજ્ઞ અને ભજન<br>સવારે : ૮:૩૦ થી ૯:૧૫ | સ્વાગત પ્રવચન-બ્ર.આ. વિરેન્દ્રજી<br>સવારે : ૯:૨૦ થી ૯:૫૦ |
| બાળકોનો કાર્યક્રમ<br>સવારે : ૯:૫૫ થી ૧૦:૩૦ | વૈદિક પ્રવચન<br>સવારે : ૧૦:૩૦ થી ૧૨:૦૦ |
| પરિવાર પરિચય<br>બપોરે : ૧૨:૦૦ થી ૧૨:૩૦ | સમૂહ સ્વરૂચી ભોજન<br>બપોરે : ૧૨:૩૦ |

### સ્થળ

યોગધામ અને વૈદિક ગુરૂકુળ, ભુજોડી, રેલ્વે ફાટક ભુજોડીની બાજુમાં, કચ્છ-ભૂજ

સ્થાન સૌજન્ય : સર્વોત્કર્ષ સેવા સંસ્થાન્


## સસ્તા સીલીન્ડર માટે આધારકાર્ડની ઝંઝટમાંથી મળશે મુક્તિ

સબસીડીવાળા સીલીન્ડરની વાર્ષિક ૯થી વધારીને ૧૨ કરવા પર સરકારના નિર્ણયની સાથે રાજકીય બાબતોની મંત્રીમંડળની સમિતિએ આગામી સમીક્ષા સુધી એલપીજીની પ્રત્યક્ષ

સબસીડી યોજનાને મુલતવી રાખી છે.પેટ્રોલિયમ મંત્રી એમ.વીરપ્પા મોઈલીએ નિર્ણયની જાણકારી આપતા કહ્યું કે આ મુદ્દે સમિતિ પાસે વિચારણા હેઠળ આધાર સાથે જોડાયેલ એલપીજી સબસીડી ડીબીટીએલને સ્થગિત કરવામાં આવી છે.આધાર કાર્ડ સાથે જોડાયેલ ડીબીટીએલ યોજના નીચે ૧૮ રાજ્યના ૨૮૯ જીલ્લાના ગ્રાહકોને બજાર દરે એલપીજી સીલીન્ડર ખરીદવા પર સબસીડી સીધી તેમના ખાતામાં મળી જતી હતી.આ મહીને આ યોજનાનો વિસ્તાર વધુ ૧૦૫ જીલ્લામાં કરવામાં આવ્યો હતો.તેમણે કહ્યું કે યોજનાનું મુલ્યાંકન કરવા માટે સમિતિની રચના કરવામાં આવી છે.મોઈલીએ કહ્યું કે સમિતિ ફરિયાદ પર ધ્યાન આપશે.અનેક ગ્રાહક પાસે આધાર કાર્ડ નથી કે પછી તેમના બેંક ખાતા આધાર સાથે જોડાયેલા નથી.માહિતી અને પ્રસારણ મંત્રી મનીષ તિવારીએ કહ્યું કે આ સમિતિ આધાર યોજનાના માત્ર એલપીજી પાસા પર સમીક્ષા કરવામાં આવશે.આધાર કાર્ડનો ઉપયોગ અનેક પ્રકારે સબસીડીની ચુકવણી માટે પણ કરવામાં આવે છે.




ઘેર બેઠા ગુરૂકુલમાં લટાર મારો...

www.santodhavramvedicgurukul.com



## યોગકથા



મુખ્ય વકતા સ્વામી શાંતાનંદજી (આચાર્ય, સંત ઓધવરામ વૈદિક ગુરૂકુલ, ભવાનીપર, કચ્છ)

**આયોજક**
**આર્યસમાજ, મીલપરા, રાજકોટ**

**યોગકથાની તારીખ**
૨૮/૦૨/૨૦૧૪ થી ૦૨/૦૩/૨૦૧૪

**યોગકથાનો સમય**
સવારે : ૮ થી ૧૦ સાંજે : ૪ થી ૬

**યોગકથાનું સ્થળ**
આર્યસમાજ, મીલપરા, ઢેબર રોડ, રાજકોટ

સ્થાન સૌજન્ય : સર્વોત્કર્ષ સેવા સંસ્થાન્

ફલં કતકવૃક્ષસ્ય યદ્યપ્યમ્બુપ્રસાદકમ્ ।
ન નામગ્રહણાદેવ તસ્ય વારિ પ્રસીદતિ ॥

मनुस्मृति ૬૭(૪૫)

કેમકે યદ્યપી નિર્મળી વૃક્ષનું ફળ વાટીને મલિન ડહોળા જળમાં નાંખવાથી તે જળ શોધક બને છે, તે છતાં પણ તે નાંખ્યા વિના તેના નામનાં કથન કે શ્રવણ માત્રથી જળ શુદ્ધ થઈ જતું નથી.

## તંત્રી સ્થાનેથી....

# નૈતિક ભ્રષ્ટાચારની ખુલ્લી છૂટ એટલે વેલેન્ટાઈન ડે

નૈતિક ભ્રષ્ટાચારની ખુલ્લી છૂટ એટલે વેલેન્ટાઈન ડે. 'વેલેન્ટાઈન ડે'ના નામે વિદેશોમાં તો યુગલો માટે લાંબા ચુંબનોની સ્પર્ધાઓ પણ યોજવામાં આવે છે અને આવા બિભત્સ કાર્યોને ગીનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન પણ આપવામાં આવે છે. વિદેશોમાં તો 'વેલેન્ટાઈન ડે' સિવાય પણ લોકો નૈતિક રીતે ભ્રષ્ટાચાર આચરતા જ હોય છે. તેમના માટે આ કોઈ નવી વાત નથી.

મુસ્લીમ સમૂદાય આ બાબતે અત્યંત સ્પષ્ટ નીતી ધરાવે છે. મૌલવીઓનું 'વેલેન્ટાઈન ડે' વિરુદ્ધનું આક્રમક વલણ ખરેખર પ્રશંસનીય અને અનુકરણીય છે.ભારતમાં પણ જો વિભિન્ન મત, પંથ, સંપ્રદાયોના વડાઓ આ બાબતે ગંભીરતાપૂર્વક વિચારણા કરી આવા ચરિત્ર બગાડનારા દિવસોની ઉજવણી કરવા ઉપર પ્રતિબંધ મૂકવાની માંગણી કરે તો સરકારે પણ આ દિશામાં વિચારવું પડે.

વિશ્વ હિન્દુ પરિષદ, શિવસેના વગેરેની સાથે જુદા જુદા મંદિરોના મહંતોના મંડળોએ આ બાબતે પોતાનો મત સ્પષ્ટ કરી જેટલી આક્રમકતાથી મુસ્લીમ સંપ્રદાયોના વડાઓ તેનો વિરોધ કરે છે તેના કરતાં વધુ આક્રમકતાથી વિરોધ પ્રદર્શિત કરવો જોઈએ. જ્યારે સંસ્કૃતિની રક્ષાની વાત આવે ત્યારે તેમાં આંખ આડા કાન કરવા જરાય ઉચિત નથી. વૈદિક ધર્મના પ્રચાર સાથે જોડાયેલ આર્યસમાજો તથા અન્ય શૈક્ષણિક અને સામાજીક સંસ્થાઓ દ્વારા પણ 'વેલેન્ટાઈન ડે' જેવા વિકૃત દિવસની ઉજવણીના વિરોધમાં સરઘસો કાઢી સરકારનું ધ્યાન આકર્ષિત કરવું જોઈએ.

ભારતની વર્તમાન રાજકીય તથા સામાજીક સ્થિતિ જોતાં આવા પ્રકારના કાર્યોમાં કોઈ રસ લે તેવું દેખાતું નથી જેનું ગંભીર દુષ્પરિણામ આવવાનું શરૂ થઈ ગયું છે. આમ છતાં હજુ સંસ્કૃતિના ઠેકેદારો કેમ જાગતા નથી તે સમજમાં આવતું નથી.

# બ્રહ્મચારીથી લઈ સન્યાસી સુધીના તમામ આશ્રમોનું મુખ્ય કર્તવ્ય છે કે તેઓ સર્વથા સ્વાધ્યાયમાં પ્રવૃત્ત રહે

**सा विश्वायुः सा विश्वकर्मा सा विश्वधायाः ।
इन्द्रस्य त्वा भाग सोमेन तनच्मि विष्णो हव्यँ रक्ष ॥**

કર્મકાંડમાં જે 'કર્મ' શબ્દ છે તે પારિભાષિક છે. તેનો અર્થ વેદવિહિત કર્મકાંડ સાથે છે, નહીં કે ખાવા-પીવા જેવા સામાન્ય કર્મ સાથે. આ કર્મકાંડને કરવા-કરાવવાનો અધિકાર કેવળ ગૃહસ્થી અને વાનપ્રસ્થીનો છે, બ્રહ્મચારી તથા સન્યાસીનો નહિ. બ્રહ્મચારીમાં યોગ્યતા નથી તથા સન્યાસીની યોગ્યતા અત્યન્ત ઉંચી હોવાના કારણે તેઓને કર્મકાંડની આવશ્યકતા નથી. બ્રહ્મચારીની યોગ્યતા જ્યારે બની જાય છે ત્યારે યથાવિધિ સ્નાતક થઈ ગુરુની સંમતિથી ગૃહસ્થાશ્રમમાં પ્રવિષ્ટ થઈ કર્મકાંડનો અધિકારી બને છે. મંત્રબ્રાહ્મણ કહે છે 'जायमानो ह वै ब्राह्मणस्त्रिभिर्ऋणवान् जायते, ब्रह्मचर्येण ऋषिभ्यो, यजेन देवेभ्यः प्रजया पितृभ्यः इति '। અર્થાત્ જ્યારે પુરુષ ગૃહસ્થ બની જાય છે ત્યારે તેને કર્મકાંડ કરવા-કરાવવાનો અધિકાર મળે છે.ગૃહસ્થમાં પ્રવિષ્ટ કરનાર વ્યક્તિ ઋષિઋણ, દેવઋણ તથા પિતૃઋણ નામના ત્રણ ઋણોથી ઋણી બની જાય છે, ब्रह्मचर्येण=અધ્યયન-અધ્યાપનથી ઋષિઋણ, યજ્ઞથી દેવઋણ તથા સન્તત્યુત્પાદન દ્વારા પિતૃઋણથી નિવૃત્ત થાય છે. ગૃહસ્થનો કર્મકાંડમાં આ અધિકાર ક્યાં સુધી રહે છે? બ્રાહ્મણ કહે છે, जरामर्यं वा एतत्सत्रं यदग्निहोत्रं दर्शपूर्णमासौचेति जरया ह एष तस्मात्सत्राद् विमुच्यते मृत्युना ह वा इति, અર્થાત્ અગ્નિહોત્ર, દર્શેષ્ટિ, પૂર્ણમાસેષ્ટિ આદિ સત્રોને=યજ્ઞોને જરા(વૃદ્ધાવસ્થા-સન્યાસાશ્રમ) સુધી=આયુના ચોથા ભાગ(પડાવ) સુધી અથવા મૃત્યુ પર્યન્ત કરવા જોઈએ. જરાનો સંબંધ અહીં સન્યાસાશ્રમ સાથે છે કારણ કે આયુના ત્રીજા ભાગમાં જ્યારે શરીર માટે આ અવસ્થા બાધિત થાય છે, ત્યારે વિધિવત્ સન્યાસ લેવાનો સમય છે. આથી જરાનો અર્થ સન્યાસ છે. અહીં કર્મકાંડનો અધિકાર સમાપ્ત થાય છે તથા બ્રહ્મજ્ઞાનનો અધિકાર પ્રારંભ થાય છે.

ગૃહસ્થાશ્રમ કર્મકાંડ પ્રધાન હોવાના કારણે બ્રહ્મજ્ઞાન ગૌણ=અપ્રધાન રહે છે. સન્યાસાશ્રમમાં કર્મ ગૌણ થતા બ્રહ્મજ્ઞાનની પ્રગટતા-પ્રધાનતા થાય છે. બ્રહ્મચર્યપૂર્વક જ ગૃહસ્થાશ્રમમાં પ્રવિષ્ટ થવું જોઈએ, તે જ રીતે બ્રહ્મચર્યપૂર્વક જ સન્યાસાશ્રમમાં પ્રવિષ્ટ થવું જોઈએ.આથી જ ગૃહાસ્થાશ્રમ તથા સન્યાસાશ્રમની વચ્ચે વાનપ્રસ્થાશ્રમનું વિધાન કર્યું છે. ઘણા અંશે બ્રહ્મચર્યાશ્રમ અને વાનપ્રસ્થાશ્રમમાં સમાનતા છે. ગૃહસ્થના આડંબર તથા બાહ્યક્રિયાકલાપોની સમાપ્તિ સન્યાસાશ્રમમાં થઈ જાય છે. મંત્રબ્રાહ્મણનું વચન છે, 'प्राजापत्यामिष्टिंनिरुप्य तस्यां सर्ववेदसं हुत्वा आत्मन्यग्नीन् समारोप्य ब्राह्मणः प्रव्रजेत्',અર્થાત્ પ્રાજાપત્ય નામક ઈષ્ટિ=યાગ કરી, તેમાં પોતાનું સર્વકંઈ ભૌતિક સંપત્તિ છોડી=ત્યાગી અગ્નિઓને પોતાના આત્મામાં આરોપિત કરી બ્રાહ્મણ સન્યાસની દીક્ષા લે છે. હવે તેના જીવનમાં અગ્નિને પ્રજ્વલિત કરવાની આવશ્યકતા નથી.

વેદવાણીનો ઉપયોગ પહેલા બ્રહ્મચર્યાશ્રમમાં થાય છે. પછીથી ગૃહસ્થ સંબંધી વિદ્યાઓની જાણકારી માટે ગૃહસ્થ ધર્મોનું

## વેદવાણી
### (૨)- વેણુગોપાલજી દર્શનાચાર્ય

વર્ણન જે મંત્રોમાં વર્ણિત છે તેને બતાવે છે. ત્રીજી વાર સર્વસંગપરિત્યાગી સન્યાસીને તેના ધર્મનો=સન્યાસધર્મનો ઉપદેશ આપે છે. આ જે જ્ઞાનના ત્રણ સ્તર છે તે ઉત્તરોત્તર બલીય=બળવાન તથા શ્રેષ્ઠ છે.

સ્વામી દયાનંદ સરસ્વતીજી યજુર્વેદના આ મંત્રના ભાષ્યમાં લખે છે- 'જે ક્રિયામાં કુશળ ધાર્મિક પરોપકારી મનુષ્ય છે તે જ ઈશ્વર અને ધર્મને જાણી મોક્ષ અને સમ્યક્ ક્રિયાસાધનોથી આ લોક અને પરલોકના સુખને પ્રાપ્ત કરે છે.'

કર્મકાંડમાં કુશળતા પ્રાપ્ત કર્યા વિના જ્ઞાનકાંડમાં ગતિ થઈ શકતી નથી. કર્મકાંડ વિધિપૂર્વક કરવાથી જ જ્ઞાનકાંડમાં સફળતા મળે છે. માનવ સદા સ્થૂળતાથી સૂક્ષ્મતા તરફ ગતિ કરે છે. આ બુદ્ધિ તેને સૂક્ષ્માતિસૂક્ષ્મ પરમાત્મ-તત્વ સુધી પહોંચાડે છે. બધા કર્મ, બધા તપ, સમસ્ત યોગમાર્ગનું આ જ એકમાત્ર પ્રયોજન છે. સર્વ વેદવાણી તે તત્વનું અવધારણ=નિશ્ચિતતા માટે ઉપદિષ્ટ છે. અન્ય બધા લક્ષ્ય, અન્ય બધા લાભ અહીં ગૌણ છે=અપ્રધાન છે.

બ્રહ્મચારીથી લઈ સન્યાસી સુધી બધા જન વેદવાણીને પરમપ્રમાણ માને છે. પરંતુ તેના અર્થની પ્રગટતા અને ગંભીરતા

**જે ક્રિયામાં કુશળ ધાર્મિક પરોપકારી મનુષ્ય છે તે જ ઈશ્વર અને ધર્મને જાણી મોક્ષ અને સમ્યક્ ક્રિયા સાધનોથી આ લોક અને પરલોકમાં સુખને પ્રાપ્ત કરે છે.**

તેમજ સમગ્રત્વ જેટલું સન્યાસી જાણી-સમજી-કરી શકે છે,તેટલું વાનપ્રસ્થી સમજી-કરી નથી શકતો અને જેટલું વાનપ્રસ્થી સમજી-કરી શકે છે તેટલું ગૃહસ્થ જાણી-સમજી-કરી નથી શકતો. આ વિષયમાં ગૃહસ્થથી પણ કમજોર સ્થિતિ બ્રહ્મચારીની છે (અહીં આ વાત ક્રમમુક્તિની દૃષ્ટિએ કરવામાં આવે છે.સદ્યોમુક્તિમાં જયાં બ્રહ્મચર્યથી સન્યાસધર્મ ગ્રહણ કરવાની વાત છે ત્યાં બ્રહ્મચારીની યોગ્યતા ગૃહસ્થથી વિશેષ છે) અર્થાત્ વેદવાણી દ્વારા પરમેશ્વર વિષયમાં જે જાણકારી બ્રહ્મચારીને મળે છે તેનાથી અધિક જાણકારી કર્મકાંડાનુષ્ઠાનથી ગૃહસ્થને મળે છે અને તેનાથી પણ વધુ જાણકારી જ્ઞાનકાંડથી સન્યાસીને પ્રાપ્ત થાય છે. આથી આ માર્ગને એ રીતે સમજવો જોઈએ - શ્રવણ(બ્રહ્મચર્ય), મનન(ગૃહસ્થ), નિદિધ્યાસન (વાનપ્રસ્થ,સન્યાસ) અંતિમ અવસ્થા સાક્ષાત્કારની છે, તે તુરીયાશ્રમ સન્યાસથી થાય છે. વેદનું આંતરિક રહસ્ય=પરમેશ્વરને નિશ્ચય કરવાનું સન્યાસીઓનું પરમકર્તવ્ય છે એવું મુંડકોપનિષદ્ કહે છે. જેમકે- **'वेदान्तविज्ञनसुनिश्चतार्थाः सन्यासयोगाद् यतयःशुद्धसत्त्वाः।'** બધં વેદાન્તવાક્ય જે અર્થતત્ત્વને બતાવે છે તે અર્થતત્ત્વને શુદ્ધ અંતકરણવાળા યતિલોક સન્યાસધર્મના યોગથી=સન્યાસધર્મને ધારણ કરતા સુનિશ્ચત કરે છે. આનાથી તેઓને બ્રહ્મલોક પ્રાપ્ત કરે છે. આથી બ્રહ્મચારીથી લઈ સન્યાસી સુધીના તમામ આશ્રમોનું મુખ્ય કર્તવ્ય છે કે તેઓ સર્વથા સ્વાધ્યાયમાં પ્રવૃત રહે. શાસ્ત્રોમાં સન્યાસીઓ માટે વિશેષ આજ્ઞા છે કે - **सर्व कर्माणि संन्यसेत् वेदमेकं न संन्यसेत् ॥** સન્યાસી ભલે સર્વ કર્મકાંડપ્રોક્ત યજ્ઞકર્મોને છોડી દે પરંતુ સ્વાધ્યયયજ્ઞને, બ્રહ્મયજ્ઞને કદી નહિ.

આ રીતે સર્વવ્યાપક પરમાત્માના વ્યાપક યજ્ઞકર્મોને જોઈ વિવેકી બને તથા સામર્થ્યાનુસાર=યથાશક્તિ તેનું આચરણ કરીને અત્યન્ત દુઃખનિવૃત્તિરુપ મોક્ષનું સંપાદન કરે, આમાં જ એની કૃતાર્થતા છે. (સંપૂર્ણ)

# ઈશ્વરનું માનવીકરણ અને માનવીનું ઈશ્વરીકરણ કરવું એ નરી મુર્ખતા જ છે

'કિસ ઈશ્વર કી ઉપાસના કરેં હમ' આ વિષય સાંભળીને કોઈને પણ આશ્ચર્ય થાય એ સ્વાભાવિક છે. આ વિષય શા માટે રાખવામાં આવ્યો ? ઈશ્વર તો એક જ છે છતાં 'કિસ ઈશ્વર કી ઉપાસના કરેં હમ' શા કારણે ? ઉત્તર સ્પષ્ટ તેમજ સરળ છે.

આપણે બધા જ એક અમે સ્વીકાર કરીએ છીએ કે ઈશ્વર તો એક જ છે, અનેક નહીં. ઈશ્વર એક હોવા છતાં ઘરમાં અનેક તસવીરો રાખવી એક પ્રકારની ભ્રાંતિ કે શંકા ઉત્પન્ન કરે છે. જેવું આપણે વિચારીએ, માનીએ તે પ્રકારની વાણી અને વ્યવહાર હોવો જોઈએ. વિચાર, વાણી અને વર્તનની એકરૂપતા કલ્યાણકારક છે. ઈશ્વરને એક માનવો અને ઘરમાં શિવ, વિષ્ણુ, રામ, કૃષ્ણ, ગણપતિ, હનુમાનજી તથા અનેક પ્રકારની દેવી-દેવતા, માતાઓની છબિઓ રાખવી, આપણા મનમાં અનેક તર્ક-વિતર્ક ઉભા કરે છે. શાંતિથી વિચાર કરતાં એવું પ્રતિત થાય છે કે વાસ્તવમાં આપણે ઈશ્વરને શાબ્દિકરૂપે જ એક માનીએ છીએ. વ્યવહારમાં આપણે અનેક ઈશ્વરને માનીએ છીએ. આપણા ઘરમાં તથાકથિત અનેક ઈશ્વરની તસવીરો ટીંગાળેલી હોય છે અને બધાની પુજા-ભક્તિ કરીએ છીએ. આપણે એમ માનીએ છીએ કે આપણી ભક્તિમાંથી બધામાંથી ફક્ત એક ભગવાન પ્રસન્ન થઈ જશે તો આપણો બેડો પાર થઈ જશે. અથવા આમાંથી કોઈ એક ભગવાન કોપાયમાન થઈ જશે તો આપણા ઉપર દુઃખનો ડુંગર તૂટી પડશે. વિચારો, શું આમ શક્ય બને ખરું ?

પ્રથમ આપણે ઈશ્વરના સ્વરૂપ બાબતે સ્પષ્ટ થઈ જઈએ. ઈશ્વર એક જ છે અને તે બધે જ રહે છે. જે બધે રહે તે શરીરધારી હોઈ શકે નહીં. અર્થાત્ ઈશ્વર નિરાકાર છે. નિરાકાર હોવાથી ઈશ્વર સર્વવ્યાપક છે. જે નિરાકાર અને સર્વવ્યાપક હોય તેની તસવીર ક્યા પ્રકારે સંભવી શકે ? કહેવાનો મતલબ એ જ છે કે જેની આપણે ૨૦-૨૫ તસવીરો ઘરમાં રાખેલી છે તે ઈશ્વર નથી. તસવીર શરીરધારી જીવાત્માની જ હોય, નિરાકાર ઈશ્વરની નહીં ? આકૃતિ અને મુખવાળા ઈશ્વર નથી. આકૃતિ રંગ-રૂપ અને મુખવાળા જીવાત્માઓ જ હોય છે. તેઓને તસવીરરૂપે આપણે ઘરમાં રાખીએ કારણ કે તેઓ મહાન પુરુષ હતા. મહાન પુરુષોની તસવીરો આપણે ચોક્કસ રાખવી જોઈએ, તેમાં કોઈ દોષ નથી. દોષ કેવળ એમાં હોઈ શકે કે તમે તેને ઈશ્વરના સ્થાને પૂજો છો. પૂજા, ભક્તિ કે ઉપાસના કેવળ ઈશ્વરની જ કરવાની હોય. કોઈ જીવાત્મા કે મહાપુરુષોની નહીં. ભૌતિક જગતની પણ પૂજા વર્જ્ય છે. પૂજા, ઉપાસના એની કરવી જોઈએ જેના દ્વારા અપ્રાપ્ત વસ્તુની આપણને પ્રાપ્તિ થાય. મનુષ્ય સત તેમજ ચિત્ છે, આનંદથી તે વંચિત છે. દુઃખરહિત પૂર્ણ આનંદ જડ પ્રકૃતિ પાસે નથી અને તસવીરધારી જીવાત્માઓ પાસે નથી. વાંચ્છનીય અપ્રાપ્ત વસ્તુ તેની પાસે જ માંગવી જોઈએ કે જેની પાસે તે હોય અને તે આપતો હોય. ઈશ્વર સત, ચિત અને આનંદ સ્વરૂપ છે, તેની પાસે આનંદનો ભંડાર છે અને તે સુપાત્રને ચોક્કસ આપે છે.

આથી એ વાત નિશ્ચિત થઈ જાય છે કે સર્વવ્યાપક નિરાકાર એક ઈશ્વરની જ ઉપાસના કરવી જોઈએ અન્યની નહીં. આપણા ઘરમાં જે મહાપુરુષોની તસવીરો છે તેઓનો ઈતિહાસ જાણવો જોઈએ. તેમણે કરેલા શ્રેષ્ઠ કાર્યોનો વિચાર કરવો જોઈએ. આમ કરવાથી આપણે મહાન બની શકીશું. જો આપણે મહાપુરૂષોને ઈશ્વરના સ્થાને પૂજીશું તો ઈશ્વર પાસેથી જ્ઞાન, બળ, આનંદ, તૃપ્તિ જેવા મહાન લાભથી આપણે વંચિત રહી જઈશું.

ઈશ્વરના નીચે મુજબના મુખ્ય પાંચ કાર્યો છે. આ કાર્યો રંગ, રૂપ, આકાર-પ્રકારવાળા શરીરધારી જીવાત્મા કદાપિ કરી શકે નહીં.


**૧) સમસ્ત જગતની રચના કરવી.**

ઈશ્વર નિરાકાર, સર્વજ્ઞ અને સર્વશક્તિમાન છે. તે જગતની રચના કોઈપણ પ્રકારના સાધન વિના સહજ શક્તિમતાથી કરી લે છે. ઈશ્વર સર્વજ્ઞ છે તેથી તેની કોઈ કૃતિમાં કમી, દોષ કે ઉણપ હોય નહીં. જગતની ઉત્પત્તિ કરવામાં કોઈ જીવાત્માની તેને આવશ્યકતા નથી. ઈશ્વર નિરાકાર હોવાથી સર્વ સ્થાનમાં નિત્ય ઉપસ્થિત છે. તેથી કોઈપણ સ્થાને ગતિ કરવાની આવશ્યકતા નથી. હલન-ચલન કર્યા વિના પોતાની જ્ઞાનશક્તિ તેમજ અમાપ ભૌતિક શક્તિમતાથી સહજપણે સંસારની ઉત્પત્તિ અંદર રહ્યા રહ્યા જ કરી શકે છે.

**૨) સમસ્ત જગતનું પાલન-પોષણ કરવું.**

ટી.વી.માં ડિસ્કવરી ચેનલ તથા નેશનલ જ્યોગ્રોફી ચેનલમાં જોઈએ તો ખ્યાલ આવે છે કે કેટલા બધા પ્રકારના પશુઓ, પ્રાણીઓ, જીવજન્તુઓ, વનસ્પતિઓ, જલચર-થલચર-ગગનચરમાં છે. આ બધાને ઉત્પન્ન કરી તેનું પાલન-પોષણ-વર્ધન ખૂબ જ સારી રીતે પર્યાવરણનું સમતુલન બનાવી રાખીને ઈશ્વર કરી રહ્યો છે. અગણિત લાખો પ્રકારની યોનિઓ છે. જેને આપણે જાણતા નથી તથા અનેક પ્રકારની યોનિ એવી છે જેનું હજુ નામકરણ પણ થયું નથી, એ સર્વનું પાલન-પોષણ ઈશ્વર પ્રતિક્ષણ કરી રહ્યો છે. શું શરીરધારી મહાપુરુષ કે દેવી-દેવતા આ પ્રમાણે કરી શકે તેમ છે ? ઉત્તર સ્પષ્ટ છે, ના. જીવાત્મા અલ્પજ્ઞ છે. તેની શક્તિ સિમિત છે. સિમિતતા તેનો સ્વાભાવિક ગુણ છે. સર્વજ્ઞતા, સર્વશક્તિમતા કદાપિ તેનામાં આવી શકે નહીં, મોક્ષકાળમાં પણ નહીં. યાદ રહે ઈશ્વરના સ્થાને ભૌતિક જગત કે જીવિત અથવા કપોલ-કલ્પિત દેવી-દેવતાઓને પૂજવા પાપ છે. ઈશ્વર ન્યાયકારી છે તેના ભયંકર દંડથી કોઈ બચી શકે નહીં.

**3) જગતનો નાશ કરવો.**



જગતની ઉત્પત્તિ, પાલન-પોષણ બાદ તેનું અંતિમ પરિણામ નાશ છે. જે તે પદાર્થમાં અન્યોને ઉપયોગી થવાની શક્તિ સમાપ્ત થઈ જતાં તેનો નાશ કરવો જરૂરી છે. નાશ પણ એક પ્રકારનું રૂપાંતર છે. જગતનો નાશ કરવો ઈશ્વરનું કલ્યાણકારી કાર્ય છે. સમસ્ત બ્રહ્માંડનો નાશ કરવો જીવાત્માઓના સામર્થ્યની બહારની વસ્તુ છે. ઈશ્વરની તુલનામાં જીવાત્માની સ્થિતિ કેવળ એક નાના સરખા તૃણ માત્ર સમાન છે.

કેટલાક વ્યક્તિઓ શંકા વ્યક્ત કરે છે કે જ્યારે જ્યારે સંસારમાં પાપ વધી જાય, અધર્મ ફેલાઈ જાય ત્યારે ત્યારે રાવણ, કંસ આદિ દુષ્ટોના સંહાર માટે ઈશ્વર અવતાર લે છે, તે વાત શું ખોટી છે ? ઉત્તર એ હોય કે ઈશ્વરમાં અનંત સામર્થ્ય તથા શક્તિ છે. તે પોતાના સામર્થ્યબળથી સમસ્ત બ્રહ્માંડની ઉત્પત્તિ, પાલન તથા નાશ કરે છે. કોઈપણ વસ્તુને નષ્ટ કરવા કરતાં બનાવવી વધારે કઠીન હોય છે. ઈશ્વર કઠીન કામ કરે તે માટે અવતાર ન લે અને મારવા સમાન સહેલા કાર્ય માટે અવતાર લે તે વાત ગળે ઉતરતી નથી. શરીર ધારણ કરનાર જીવાત્મા હોય, ઈશ્વર નહીં. શું અધર્મના નાશ માટે વીર ઉત્તમ પુરુષો આગળ આવી ધર્મની પુનઃસ્થાપના ન કરી શકે. બીજો તર્ક એ છે કે બધા શાસ્ત્રો કહે છે કે ઈશ્વરના દર્શનથી મુક્તિ થઈ જાય છે. જો રાવણ, કંસ આદિને મારવા ઈશ્વર અવતાર ધારણ કરે તો તેનું દર્શન પુણ્યાત્મા તથા દુષ્ટાત્મા બધા કરી લે છે. એટલે બધાને મુક્તિ મળી જાય ? મતલબ એ થયો કે ઈશ્વર ત્યારે જ અવતાર લે છે કે જ્યારે સંસારમાં પાપનો ભાર વધી જાય. અર્થાત્ ઈશ્વરના દર્શન કરવા હોય તો ખૂબ પાપ કરો અને ઈશ્વરના દર્શન કરી મુક્ત થઈ જાવ. વાસ્તવમાં ઈશ્વરની વ્યવસ્થા અનુસાર અવતરણ મનુષ્યનું થાય, ઈશ્વરનું નહીં. માનવનું કોઈપણ કાર્ય ઈશ્વર કરતો નથી અને ઈશ્વરનું કાર્ય મનુષ્ય કદિ કરી શકતો નથી. ઈશ્વરનું માનવીકરણ અને માનવીનું ઈશ્વરીકરણ કરવું મુર્ખતા છે. જે તે પદાર્થનો વિવેકપૂર્વક ઉચિત લાભ લેવો સાચી પૂજા છે.

**૪) જીવાત્માઓના કર્મોનું ફળ ન્યાયોચિત આપવું.**

કર્મો અનુસાર જીવાત્માઓને પશુ-પક્ષી, મનુષ્ય આદિ યોનિઓ આપવી ન્યાય છે. ન્યાય એક પ્રકારની દયા છે. ફળરૂપે દુઃખ યોનિ આપવાથી પાપ કર્મોનો ક્ષય થતો જાય છે અને જીવાત્મા મનુષ્ય યોનિ તરફ આગળ વધતો જાય છે. ઈશ્વરનો ન્યાય પક્ષપાત રહિત પૂર્ણ હોય છે. એમાં કોઈ છૂટછાટ, કમી કે

**શાંતિથી વિચાર કરતાં એવું પ્રતિત થાય છે કે વાસ્તવમાં આપણે ઈશ્વરને શાબ્દિકરૂપે જ એક માનીએ છીએ. વ્યવહારમાં આપણે અનેક ઈશ્વરને માનીએ છીએ.**

સુધારો-વધારો હોતો નથી. ફળ આપ્યા બાદ ઈશ્વરને માનવની જેમ કદિ પસ્તાવો થતો નથી. જીવાત્મા એવા પ્રકારનું કોઈ કાર્ય કરી નાંખે અને ઈશ્વરને આશ્ચર્ય થાય તેવું કદાપિ બનતું નથી. મનુષ્ય શું, શું કરી શકે છે તેની સીમા ઈશ્વર પૂર્ણતઃ જાણે જ છે. ઈશ્વર અનાદિકાળથી પ્રત્યેકજીવના પ્રત્યેકક્ષણનો સાક્ષી છે. તેની જાણકારી બહાર કોઈપણ કશું જ કરી શકતું નથી. જીવાત્મા એકદેશી છે. તેથી તસવીરધારી ગુરૂ મહાત્માઓ બધાના કર્મો જાણી શકે નહીં. જીવાત્મા એકક્ષણમાં એક જ કાર્ય કરી શકે છે. બધાને પૂર્ણ ન્યાય આપવો જીવાત્માઓના હાથની વાત નથી.

**૫) સૃષ્ટિના આરંભમાં મનુષ્યના કલ્યાણઅર્થે વેદોનો પ્રકાશ કરે છે.**

આદિ સૃષ્ટિમાં કરવાયોગ્ય કાર્યની સંમતિ અને ન કરવાયોગ્ય કાર્યનો નિષેધ ઈશ્વરે વેદ દ્વારા કરેલ છે. સૃષ્ટિના પ્રારંભે જ વેદ જ્ઞાન આપવાથી કોઈપણ જીવાત્માઓને અન્યાય થતો નથી. વેદરૂપી આજ્ઞાનું ઉલ્લંઘન જો જીવાત્મા કરે તો તેનું દુઃખરૂપી ફળ ઈશ્વર યથાસમયે નિશ્ચિતપણે આપે છે. સુખ-દુઃખરૂપી ફળ સ્વતંત્ર કર્તા જીવાત્માઓને જ મળે છે. પરાધિન વ્યક્તિને દંડ કે ઈનામ મળે નહીં. ફળ કેવળ ચેતન તત્વ જીવાત્માને જ મળે, જડને અર્થાત પ્રકૃતિના તત્વોને નહીં. આદિસૃષ્ટિમાં ઈશ્વરે વેદજ્ઞાનરૂપી સંવિધાન પ્રદાન કરવાનું કારણ જીવાત્માઓનું કલ્યાણ છે. તસવીરધારી મહાપુરૂષનું જ્ઞાન નૈમિત્તિક છે. તેના જ્ઞાનમાં વધારો-ઘટાડો થતો રહે છે. તેનું જ્ઞાન કાળક્રમે સ્વઅનુભવે બદલાતું રહે છે. જીવાત્મા અલ્પજ્ઞ છે. તેથી જીવનનો પૂર્ણ લાભ ઉઠાવી શકે તે હેતુથી વેદજ્ઞાન આપવામાં આવ્યું છે. ઉપાસના કાળમાં આજે પણ ઈશ્વર મનુષ્યોને વેદજ્ઞાન આપતો રહે છે. ઉપરોક્ત વિગતો જાણીને બુદ્ધિમાન પુરૂષોએ ઈશ્વરનું માનવીકરણ કરવું ન જોઈએ. શરીરધારી, તસવીરધારી, કપોલ-કલ્પિત કે જીવિત મનુષ્યોની ઈશ્વરના સ્થાને કદિ ઉપાસના કરવી ન જોઈએ. ઈશ્વરના સાચા સ્વરૂપને જાણી ઈશ્વરોપાસના કરવી જોઈએ. જેથી મનુષ્ય દુઃખરૂપી મહાન સાગરમાંથી પાર થઈ શકવા સમર્થ બને. **(સ્વામી વિવેકાનંદજી પરિવ્રાજકના વ્યાખ્યાનોમાંથી સાભાર)**

# उतेदानीं भगवन्तः स्यामोत प्रपित्व उत मध्ये अह्नाम्। उतोदिता मघवन्त्सूर्यस्य वयं देवानां सुमतौ स्याम।।

(यजु.अ.३४/मं.३६)

**पदार्थ :-**

हे भगवन् ! आप की कृपा (**उत**) और अपने पुरुषार्थ से हम लोग (**इदानीम्**) इसी समय (**प्रपित्वे**) प्रकर्षता, उत्तमता की प्राप्ति में (**उत**) और (**अह्नाम्**) इन दिनों के (**मध्ये**) मध्य में (**भगवन्तः**) बहुत उत्तम ऐश्वर्ययुक्त या सकलैश्वर्ययुक्त और शक्तिमान् (**स्याम**) होवें, (**उत**) और हे (**मघवन्**) परमपूजित उत्तम धनयुक्त व असंख्य धन देनेहारे परमेश्वर ! (**सूर्यस्य**) सूर्य लोक के (**उदिता**) उदय में (**उत**) और सायंकाल में (**देवानाम्**) पूर्ण विद्वान् धार्मिक आप्त लोगों की (**सुमतौ**) अच्छी उत्तम प्रज्ञा या श्रेष्ठ मति में (**वयम्**) हम लोग (**स्याम**) सदा प्रवृत्त रहें या सदा स्थिर हों। (संस्कार विधि)

**भावार्थ (१) :-**

जो मनुष्य जगदीश्वर का आश्रय और आज्ञापालन से, विद्वानों के संग से अति पुरुषार्थी होकर धर्म, अर्थ, काम और मोक्ष की सिद्धि के लिये पुरुषार्थ करते हैं, वे सकलैश्वर्ययुक्त होते हुए भूत, भविष्यत् व वर्तमान इन तीनों कालों में सुखी होते हैं।

**(ऋ.दया.कृत ऋग्वेदभाष्य मं.७/सू.४१/मं.४)**

**भावार्थ (२) :-**

मनुष्यों को चाहिये कि वर्तमान और भविष्यत् काल में योग के ऐश्वर्यों की उन्नति से लौकिक व्यवहार के बढ़ाने और प्रशंसा में निरन्तर प्रयत्न करें।

**(ऋ.दया.कृत यजुर्वेदभाष्य अ.३४/मं.३६)**

**टिप्पणी :-**

(क) ईश्वर का मनुष्यों को उपदेश है कि हे मनुष्यो ! तुम धर्मयुक्त मार्ग से मनुष्यों में सर्वश्रेष्ठ बनो, अत्यन्त उत्तम ऐश्वर्य अर्थात् विद्या, बल, विज्ञानादि से युक्त होवो, शक्तिशाली सामर्थ्यवान् बनो।

(ख) ईश्वर परमपूज्य अर्थात् अत्यन्त सत्कार करने के योग्य हैं। सदा ईश्वर की ही आज्ञा का पालन करना व उसमें परमप्रेम रखना ईश्वर का सत्कार है। ईश्वर का अत्यन्त सत्कार इसलिये करना चाहिये, क्योंकि यह सारी सृष्टि ईश्वर की सम्पत्ति है। ईश्वर ही इसको बनाता, इसका पालन और धारण करता है। ईश्वर के कारण ही सब प्राणियों का अस्तित्व है।

(ग) ईश्वर उत्तमधनयुक्त हैं। विद्या, ज्ञान, बल, आनन्द, सहनशक्ति, उत्साह, पराक्रम व जगत् के जड़ व प्राणी ईश्वर के धन हैं तथा ईश्वर अपने धन को योग्य जीवों को न्यायपूर्वक प्रदान भी करता है।

(घ) ईश्वर का उपदेश है कि हे मनुष्यो ! तुम सारा दिन शुद्ध ज्ञान, शुद्ध कर्म व शुद्ध उपासना से युक्त रहो। इस स्थिति की प्राप्ति के लिये परमपुरुषार्थ करो।

(ङ.) मघम् धननाम निघं २.१०

मघमिति धननामधेयं मंहतेर्दानकर्मणः निघं १.७

(ક્રમશઃ)

**ऋषि दयानंद वेद-पदार्थ, भावार्थ, व्याख्यान प्रदिप**

૨૪

સંકલન : સ્વામી ધ્રુવદેવજી પરિવ્રાજક

ઉપાધ્યાય, દર્શન યોગ મહાવિદ્યાલય, રોજડ

# સ્વયંના પ્રત્યેક વ્યવહારને, સત્યાસત્યાને જાણવાની જે પાંચ પરિક્ષાઓ છે તે સદા તપાસતા રહેવી જોઈએ

**સર્વથા સર્વદા સર્વભૂતાનામનભિદ્રોહઃ અહિંસા**

૭૭. જો મનુષ્ય મન-મસ્તિષ્કમાં હંમેશા આ વાત બેસાડી રાખે કે ઈશ્વર મારા પ્રત્યેક કર્મ જે મન-વચન- શરીરથી કરવામાં આવે છે તે કર્મોને જોઈ, જાણી, સાંભળી રહ્યો છે અને ન્યાયાનુસાર તેઓ કર્મોના ફળ પણ દેશે, તો એવું વિચારી મનુષ્ય પાપ કરવાથી બચી જશે. જ્યાં સુધી આવી સ્થિતિ નથી હોતી ત્યાં સુધી તે પાપ કરવાથી ડરતો નથી. તેથી તે ઈશ્વર પ્રદત્ત સાધનોનો સદુપયોગ નહીં કરે. યમ-નિયમનોનું પાલન નહીં કરે, એટલું જ નહીં, તે સમાધિને પણ પ્રાપ્ત નહીં કરે.

૭૮. વારંવાર કહેવ, સમજાવવા છતાં પણ સામેવાળો મનુષ્ય પોતાના દોષો, હઠતા આદિ છોડવા તૈયાર ન થાય તો આપણે શા માટે દુઃખી થઈ પોતાની સજ્જનતા આદિ ગુણોને છોડીને દોષ કરવા લાગીએ ? એવું કરવાથી તો તેનામાં અને આપણામાં કોઈ અંતર નહીં રહે. જો આપણે એમ કરવા લાગીએ તો એ સાબિત થઈ થશે કે સામેવાળો દોષોમાં પાકો છે. અને આપણે હજુ ગુણોમાં કાચા છીએ.

૭૯. સ્વયંના પ્રત્યેક વ્યવહારને, સત્યાસત્યાને જાણવાની જે પાંચ પરિક્ષાઓ છે તે સદા તપાસતા રહેવી જોઈએ. ઈશ્વર અને વેદ, સત્પુરુષોના સંગ અને તેમના લખેલા ગ્રંથો, આદિ મુખ્ય છે. શેષ બધું ગૌણ છે. જ્યારે જીવાત્માને લાગે કે મારી માન્યતા વેદ, ઈશ્વર, સૃષ્ટિક્રમ, સત્પુરુષોનું આચરણ, ગ્રંથો અને સિદ્ધાંતોની વિરૂદ્ધ છે ત્યારે તે પોતાની વાતને છોડી દે છે અને વેદ ઈશ્વર આદિની વાત માની લે છે અને ત્યારે જ તે સત્યને જાણી શકે છે. પરંતુ આ જાણવું પણ આવશ્યક છે કે વેદ, ઈશ્વર, સૃષ્ટિક્રમ, સત્પુરૂષોની વાતો આદિ શા માટે સત્ય માનવી જોઈએ ? તે માટે જીવાત્માએ તે વાતો સિદ્ધ કરવી પડશે કે તેમાં ક્યા ગુણ-કર્મ-સ્વભાવ છે જેનાથી સત્યને જાણી શકાય છે. શું એ વાતો કોઈ પણ પ્રકારે ખંડિત થાય છે ? ઈશ્વરના ગુણ-કર્મ-સ્વભાવમાં સર્વજ્ઞતા, સર્વવ્યાપકતા, સૃષ્ટિનિર્માણ, પાલન, પ્રલય તથા ન્યાયકારિતા, દયાળુતા આદિ છે. આ બધી વાતોને સિદ્ધ કરવાથી તેને ખબર પડશે કે સંસારમાં એવી કોઈ વસ્તુ નથી જે આ વાતોને ખંડિત કરી શકે.

૮૦. જ્યાં સુધી સંપ્રજ્ઞાત સમાધિ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી, યા તો દેહધારી ગુરુ જે ઈશ્વર સાક્ષાતકારી હોય તેના નિર્દેશનમાં ચાલો અથવા દેહધારી ગુરુ જેટલી યોગ્યતા હોય તેવા માર્ગદર્શકના નિર્દેશનમાં ચાલો. જો આ બંનેમાંથો કોઈ ન મળે તો સીધા ઈશ્વરને ગુરુ બનાવીને ચાલો. જો કોઈના પણ નિર્દેશનમાં ન ચાલવામાં આવે તો સમાધિ પ્રાપ્ત નહીં થાય, ઈશ્વર સાક્ષાત્કાર નહીં થાય.

૮૧. યોગાભ્યાસી જેવો ઈશ્વરને છોડશે કે તરત પ્રકૃતિ, વિકૃતિ અથવા જીવની ઉપાસનામાં લાગી જશે અને અજ્ઞાનાંધકાર-કલેશયુક્ત થઈ જશે.

૮૨. જે પ્રાપ્ત કરી શકાય તેમ હોય અને જેનો અભ્યાસ હોય તેવી વસ્તુને માટે વિશેષ બળ લગાવવું પડતું નથી તથા તેની પ્રાપ્તિ કરવા સાથે સાથે અન્ય કાર્ય પણ કરી શકાય છે. જેમ કે કોઈ ગાડી ચલાવે છે અને સાથે સાથે મનન-ચિંતન, લેવું-દેવું, ફોન આદિ કાર્ય પણ કરતો રહે છે, તેવી જ રીતે યોગી સર્વ કાર્ય કરતો રહી પોતાની ઈશ્વરમય સ્થિતિ બનાવી રાખે છે તથા મન દ્વારા ઘણી સુક્ષ્મતાથી અનેક જ્ઞાન પણ ગ્રહણ કરે છે.

**સત્યોપદેશ**

ઉપદેશક - સ્વામી સત્યપતિજી

અનુ.- જયાબેન પોરિયા (યુકે) ૨૬



# દેશ પ્રત્યે સમર્પિત રહેવાની ભાવના ફક્ત ભારતીયો માટે જ નથી, પરંતુ જે મનુષ્ય જે કોઈ દેશમાં જન્મ્યો હોય તેને તે દેશ વહાલો હોવો જોઈએ




**સ્વદેશ-ગૌરવ**

મહર્ષિ દયાનંદ સમક્ષ આર્યસમાજની સ્થાપના કરવા પાછળના બે મુખ્ય ઉદ્દેશ્ય હતા : વેદપ્રચાર અને સ્વદેશ-ભક્તિ. ઋષિનું સમસ્ત સાહિત્ય આ બંને ઉદ્દેશ્યોની પૂર્તિથી ઓતપ્રોત છે. તત્કાલીન અંગ્રેજી સામ્રાજ્યમાં કરવામાં આવતા દેશવાસીઓના નિરાદરની એક વેદના સત્યાર્થપ્રકાશમાં એક સ્થાને આ પ્રમાણે ઝલકે છે :

"જુઓ ! યુરોપિયન લોકો પોતાના દેશના બનેલા જોડા પહેરીને ઑફિસ અને કચેરીમાં જવા દે છે, આ દેશના જોડાને નહીં. બસ, એટલામાં જ સમજી લો કે, એ લોકો પોતાના દેશમાં બનેલા જોડાનું પણ કેટલું માન રાખે છે ? જેટલું સ્વદેશમાં બનેલા જોડાનું માન રાખે છે, તેટલું અન્ય દેશસ્થ મનુષ્યોનું પણ નથી રાખતા. જુઓ ! યુરોપિયનોને આ દેશમાં આવ્યાને કંઈક સો વર્ષોથી ઉપર થયાં છે, પણ હજી સુધી એવાં જ જોડાં, કપડાં વગેરે પહેરે છે. એ લોકોએ પોતાના દેશનો રિવાજ છોડ્યો નથી. પરંતુ તમારામાંથી ઘણાએ એ લોકોનું ખોટું અનુકરણ કરી લીધું. એથી જ નિશ્ચય થાય છે કે તમે નિર્બુદ્ધિ છો અને તે બુદ્ધિમાન ઠરે છે. અનુકરણ કરવું એ કોઈ બુદ્ધિમાન માણસનું કામ નથી." (સમુ.૧૧)

આર્યસમાજે નિજ ગૌરવને પુનઃ જાગૃત કરવા માટે દેશમાં નિર્માણ થયેલાં વસ્ત્રો અને વસ્તુઓનું મહત્ત્વ સમજી લીધું હતું. લાહોરના આર્યસમાજે ઈ.સ. ૧૮૮૩માં પોતાના એક પ્રસ્તાવમાં સ્વેદશી વસ્તુઓના ઉપયોગ અને ઉપભોગના પ્રચારને પોતાનો મુખ્ય મુદ્દો બનાવ્યો હતો. સ્પષ્ટ છે કે ત્યારે તો ભારતીય કૉન્ગ્રેસનો હજુ જન્મ પણ થયો નહોતો અને સમગ્ર ભારત યુરોપીય વસ્તુઓનું મોટું બજાર બની ગયો હતો. એ વખતે ગૃહઉદ્યોગને પ્રોત્સાહન આપવાથી જ સ્વદેશી વસ્તુઓનો પ્રયોગ સંભવ હતો. આર્યસમાજ આ ગૃહઉદ્યોગરૂપી સાધનને ટકાવી રાખવાનો હિમાયતી છે, પરંતુ એનાથી આગળની યોજના સમાજના સંસ્થાપકે આરંભ કરી દીધી હતી. ઋષિ દયાનંદે જર્મનીના વિદ્વાનો સાથે પત્રવ્યવહાર કર્યો હતો કે તેઓ ભારતના કેટલાક વિદ્યાર્થીઓને વિજ્ઞાનના અભ્યાસ માટે જર્મની મોકલવા ઈચ્છે છે. મહર્ષિ દયાનંદની આ ઈચ્છા પૂરી તો ન થઈ, પરંતુ તેઓ આર્યસમાજ માટે એક પ્રેરણા છોડતા ગયા. 'વ્યવહારભાનુ' નામના પુસ્તકમાં તેમણે પ્રશ્નોત્તર રૂપે આવી પ્રેરણા આપી છે. પ્રશ્ન કર્યો છે કે, મનુષ્યોની પાસે વધારે ધન હોય તો શું કરવું જોઈએ ? ઉત્તરમાં કહ્યું છે કે, મોટા-મોટા ઉદ્યોગો સ્થાપિત કરવા જોઈએ, જેથી વધુ ને વધુ વ્યક્તિઓને કામ મળી શકે. વિદેશો સાથે વેપાર વધારવાની વાત પણ ઋષિ દયાનંદે સત્યાર્થપ્રકાશમાં લખી છે.

દેશ પ્રત્યે સમર્પિત રહેવાની ભાવના ફક્ત ભારતીયો માટે જ નથી, પરંતુ જે મનુષ્ય જે કોઈ દેશમાં જન્મ્યો હોય તેને તે દેશ વહાલો હોવો જોઈએ. સારાંશમાં ઋષિ દયાનંદનું એક સૂત્ર યાદ રાખવા યોગ્ય છે. તેમણે સત્યાર્થપ્રકાશમાં લખ્યું છે : "જે દેશના પદાર્થોથી આપણું શરીર બન્યું, અત્યારે પણ તેનાથી જ પાલન થાય છે અને આગળ પણ થશે, તેની ઉન્નતિ તન, મન અને ધનથી આપણે સર્વ જન મળીને પ્રીતિથી કરીએ." (સમુ.૧૧)

દેશના ગૌરવમાં તેના ભૂગોળ અને ઈતિહાસની સુરક્ષાનું વિશેષ મહત્ત્વ હોય છે. આર્યસમાજ પૂરા દેશની સમસ્યાને ગંભીરતાથી લે છે. દેશના ગમે તે ખૂણામાં અરાષ્ટ્રીય પ્રવૃત્તિઓના અથવા કુદરતી સંકટના સમાચાર મળતાં જ તે પોતાની સમગ્ર તાકાતથી સંઘર્ષ કરવા તત્પર રહે છે. ઈતિહાસ આપણા દેશની સંપત્તિ છે. તે સંપત્તિને સુરક્ષિત અને પવિત્ર રાખવી એ આર્યસમાજના કાર્યક્ષેત્રમાં છે. રાષ્ટ્રકવિ મૈથિલીશરણ ગુપ્તની ચેતવણી સ્મરણીય છે :

**ઉજ્જવલ થા ભૂત ભવિષ્ય ભી મહાન હૈ,**
**પર હમ સંભાલેં આજ જો વર્તમાન હૈ.**

**આર્યસમાજના નિયમો**

(૧) સર્વ સત્ય વિદ્યા અને જે પદાર્થ વિદ્યાથી જાણવામાં આવે છે એ સર્વનું આદિ મૂળ પરમેશ્વર છે.

(૨) ઈશ્વર સચ્ચિદાનંદસ્વરૂપ, નિરાકાર, સર્વશક્તિમાન, ન્યાયકારી, દયાળુ, અજન્મા, અનંત, નિર્વિકાર, અનાદિ, અનુપમ, સર્વાધાર, સર્વેશ્વર, સર્વવ્યાપક, સર્વાન્તર્યામી, અજર, અમર, અભય, નિત્ય, પવિત્ર અને સૃષ્ટિકર્તા છે. તેની જ ઉપાસના કરવી યોગ્ય છે.

**આર્યસમાજની માન્યતાઓ**

લેખક : ગજાનંદ આર્ય ૨૪ અનુ. - ભાવેશ મેરજા, ભરૂચ

(૩) વેદ સર્વ સત્ય વિદ્યાઓનું પુસ્તક છે. વેદને ભણવા-ભણાવવા અને સાંભળવા-સંભળાવવા એ સર્વ આર્યોનો પરમ ધર્મ છે.

(૪) સત્યને ગ્રહણ કરવામાં અને અસત્યને છોડવામાં સર્વદા ઉદ્યત રહેવું જોઈએ.

(૫) સર્વ કામ ધર્માનુસાર અર્થાત્ સત્ય અને અસત્યનો વિચાર કરીને કરવાં જોઈએ.

(૬) સંસારનો ઉપકાર કરવો એ આ સમાજનો મુખ્ય ઉદ્દેશ્ય છે અર્થાત્ શારીરિક, આત્મિક અને સામાજિક ઉન્નતિ કરવી.

(૭) સર્વની સાથે પ્રીતિપૂર્વક, ધર્માનુસાર, યથાયોગ્ય વર્તવું જોઈએ.

(૮) અવિદ્યાનો નાશ અને વિદ્યાની વૃદ્ધિ કરવી જોઈએ.

(૯) પ્રત્યેક મનુષ્યે પોતાની જ ઉન્નતિથી સંતુષ્ટ ન રહેવું જોઈએ, પરંતુ સર્વની ઉન્નતિમાં પોતાની ઉન્નતિ સમજવી જોઈએ.

(૧૦) સર્વ મનુષ્યોએ સામાજિક સર્વહિતકારી નિયમો પાળવામાં પરતંત્ર રહેવું જોઈએ અને પ્રત્યેક હિતકારી નિયમમાં બધા સ્વતંત્ર રહે.

**સમાજના નિયમો : જીવનનિર્માણનો ઉપક્રમ**

આર્યોના દૈનિક જીવનમાં સંધ્યા, સ્વાધ્યાય અને સત્સંગનું હોવું અનિવાર્ય છે. એ વિના આર્યોનું આર્યત્વ ચમકતું નથી અને પરિણામે આર્યસમાજીઓનાં ઘરમાં વૈદિક પરંપરાઓ શિથિલ પડતી જાય છે. એટલા માટે પરિવારોને તેમ જ આર્યસમાજોને ગતિશીલ રાખવા મહર્ષિજીએ એક ચોક્કસ નિયમબદ્ધતા આપી છે, જેને 'આર્યસમાજના દસ નિયમો' કહેવામાં આવે છે.

આર્યસમાજના સભ્ય બનતી વખતે સમાજના દસ નિયમોના સ્વીકારપત્રક ઉપર જે સહી કરવામાં આવે છે તે માત્ર ફૉર્મના ખાનાં ભરવાં પૂરતી ઔપચારિકતા જ નથી, બલ્કે તે એક જાતનું વ્રતબંધન છે. એક એક વ્યક્તિના વ્રતબંધનથી જ સમાજનું નિર્માણ થાય છે. ઘણીવાર શંકા કરવામાં આવે છે કે આ દસ નિયમોમાં નિત્ય કર્મો અંગેનો તો કોઈ સંકેત જ નથી. પરંતુ એવું નથી. ઋષિએ આ નિયમોમાં બે યજ્ઞોનો સમાવેશ કર્યો છે. તેમણે બ્રહ્મયજ્ઞ અને દેવયજ્ઞની ઉપયોગિતાની ચર્ચા સત્યાર્થપ્રકાશના ત્રીજા સમુલ્લાસમાં કરી છે. તેમણે ગૃહસ્થ લોકો માટે પંચમહાયજ્ઞના ઉપદેશની સાથે સાથે પ્રથમ બે મહાયજ્ઞો (બ્રહ્મયજ્ઞ અને દેવયજ્ઞ) ની અનિવાર્યતા પર તો ખાસ ભાર મૂક્યો છે. વાનપ્રસ્થ લોકો જ્યારે ગૃહત્યાગ કરે ત્યારે તેમણે અગ્નિહોત્ર (દેવયજ્ઞ)નો સામાન પોતાની સાથે વનમાં લઈ જવો એવો નિર્દેશ પણ ઋષિએ કર્યો છે. આવાં જરૂરી અનુષ્ઠાનોનો સંકેત આ દસ નિયમોમાં પણ છે જ, પરંતુ તે સમાજવા માટે ઊંડો વિચાર કરવાની જ જરૂર છે.

પ્રથમ નિયમમાં સમસ્ત સત્ય વિદ્યા અને જે પદાર્થ વિદ્યાથી જાણવામાં આવે છે તેનું આદિમૂળ ઈશ્વર છે એમ કહેવામાં આવ્યું છે. સૃષ્ટિમાં આપણને જે કાંઈ પ્રાપ્ય છે તે બધું ઈશ્વરની જ કૃપા છે. આવી સમજથી ઈશ્વર પ્રત્યેની પ્રીતિ વધે છે, ઈશ્વરનાં ગુણગાન કરવાનું મન થાય છે અને કૃતજ્ઞતાનો તકાજો પણ એ જ છે કે આપણે સૌ તે પ્રભુની નિષ્ઠાપૂર્વક સ્તુતિ કરીએ.

બીજા નિયમમાં ઈશ્વરના કેટલાક ગુણો બતાવીને ઈશ્વરના સ્વરૂપની વ્યાખ્યા આપવામાં આવી છે. આ એક એવી વ્યાખ્યા છે કે જેની મદદથી સંસારમાં માનવામાં આવતા વિભિન્ન રૂપોના ભગવાનોની કસોટી થઈ શકે છે. ઈશ્વરીય ગુણોથી પ્રેરિત થઈને અને સ્તુતિથી પ્રીતિયુક્ત થઈને ઉપાસના તરફ પ્રસ્થાન કરવાનો સંકેત કરવામાં આવ્યો છે.

ત્રીજા નિયમમાં વેદને ઈશ્વરપ્રદત્ત જ્ઞાન-વિજ્ઞાનનું પુસ્તક કહેવામાં આવ્યું છે અને તેનો સ્વાધ્યાય કરવાની પ્રેરણા આપવામાં આવી છે.

ચોથા નિયમમાં સત્ય-અસત્યનો વિવેક કરનારી બુદ્ધિ પ્રાપ્ત કરવાની પ્રાર્થના છે.

પાંચમાં નિયમમાં સચ્ચાઈ તથા ઈશ્વરભક્તિ અર્થાત્ ધાર્મિકતાને જીવનમાં અપનાવવાનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

આમ, આ પ્રથમ પાંચ નિયમોમાં જીવનમાં ઈશ્વરની સ્તુતિ-પ્રાર્થના-ઉપાસના, સ્વાધ્યાય અને ધાર્મિકતા લાવવાનો આગ્રહ સેવવામાં આવ્યો છે અને આને જ 'બ્રહ્મયજ્ઞ' કહેવામાં આવે છે. પાછળના પાંચ નિયમો દેવયજ્ઞની આવશ્યકતા પ્રગટ કરે છે. દેવયજ્ઞમાં અગ્નિહોત્ર, દેવપૂજા, દાન, સંગતિકરણ અને વિદ્વાનોના સત્સંગ વગેરેનો મુખ્યત્વે સમાવેશ થાય છે.

છઠ્ઠા નિયમમાં કહેવામાં આવ્યું છે કે સંસારનો ઉપકાર કરવો એ આર્યસમાજનો મુખ્ય ઉદ્દેશ્ય છે. આ ઉપકાર એવો હોવો જોઈએ કે જેથી શારીરિક, આત્મિક અને સામાજિક ઉન્નતિ સાધી શકાય. વિશ્વમાં ઉપકારનાં કાર્યો તો થતાં જ રહેતાં હોય છે. બધાં જ ઉપકારક કાર્યો પ્રશંસનીય છે, પરંતુ એવું ઉપકારક કાર્ય કે જેના થકી શરીર, આત્મા અને સમાજને સુખ પહોંચે અને આ સુખ સમસ્ત સંસારને અર્થાત્ જડ-ચેતન, પશુ-પક્ષી, મિત્ર-શત્રુ વગેરે સૌને પહોંચે તે તો કેવળ એક અગ્નિહોત્ર (હવન) જ છે. માટે સૌએ અગ્નિહોત્ર દ્વારા વાયુશુદ્ધિ, જલશુદ્ધિ અને અન્નશુદ્ધિ કરવાનો પુરુષાર્થ કરતાં જ રહેવું જોઈએ.

સાતમા નિયમમાં દેવપૂજાની પ્રેરણા છે. સૌની સાથે પ્રીતિપૂર્વક, ધર્માનુસાર, યથાયોગ્ય વર્તવું એ જ તો ખરી દેવપૂજા છે.

આઠવા નિયમમાં વિદ્વાનો, અતિથિઓ અને આપ્તજનોના સત્સંગની અપેક્ષા કરવામાં આવી છે, કે જેમના સાંનિધ્યથી અવિદ્યાનો નાશ અને વિદ્યાની વૃદ્ધિ કરવાની ઉત્તમ તક મળે છે.

નવમો નિયમ ત્યાગભાવના જગાડે છે. દાન જેવી પ્રવૃત્તિમાં ત્યાગ જ મુખ્ય ગુણ છે. આ ત્યાગને લીધે જ વ્યક્તિમાં સૌની ઉન્નતિમાં પોતાની ઉન્નતિ સમજવાનો વિવેક જાગૃત થાય છે.

દસમો નિયમ સંગતિકરણ પર ભાર મૂકે છે. સામાજિક નિયમોમાં શાસિત અને વ્યક્તિ-વિકાસમાં અનુશાસિત રહેવું એ જ ખરું સંગતિકરણ છે.

આમ, આર્યસમાજના દસ નિયમો આર્યોના જીવનનિર્માણનો એક સુંદર ઉપક્રમ રજૂ કરે છે. હકીકતમાં આ નિયમો દરેક આર્ય વ્યક્તિ પોતાના જીવનમાં ધારણ કરે તે માટે જ છે. તેનો માત્ર પાઠ જ કરી લેવો એ કદાપિ ઈચ્છનીય ન હોઈ શકે.

(ક્રમશઃ)

**અગ્નિપથ**

- સાંપ્રત ઘટનાઓનું આદર્શ દષ્ટિકોણથી વિવેચન.
- વૈદિક સાહિત્યના ગહન સિદ્ધાંતોનું સરળ પ્રસ્તુતિકરણ.
- વેદ-દર્શન-ઉપનિષદ જેવા આધ્યાત્મિક ગ્રન્થોમાં નિહિત જ્ઞાનની સરળ પ્રસ્તુતિ.
- બાળકો માટે ઉપદેશ કથા.
- સ્વાસ્થ્ય સંબંધિત જાણકારી.
- વૈદિક વિદ્વાનોના ચિંતનાત્મક લેખો.
- ગુજરાતના આર્યસમાજોના કાર્યક્રમોના સમાચારો.
- રાષ્ટ્રિય અને સાંસ્કૃતિક ગૌરવના ભાવ ભરતું એકમાત્ર ક્રાંતિકારી સાપ્તાહિક.

**વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/-**
**આજીવન લવાજમ રૂા. ૨૦૦૦/-**

: કાર્યાલય :
૭૯૧/ડી/૩, પંચશીલ પાર્ક, સેક્ટર-૨૧, ગાંધીનગર-૩૮૨૦૨૪. ફોન - (૦૭૯) ૨૩૨૧૦૦૭૧
E-mail : agnipathgnr@gmail.com

અગ્નિપથ કાર્યાલયને પત્ર અથવા ઈ-મેલથી જાણ કરી આપ લવાજમ બેંકમાં જમા કરાવી શકો છો.
AGNIPATH A/c No. 24640200000387
Bank of Baroda, Vidhansabha Branch, Gandhinagar.

અગ્નિપથ(સાપ્તાહિક)

# મારી શોધ

ભરતભાઈ પટેલ (વડોદરા)

આમ તો મારી આ કોઈ શોધ-બોધ નથી. પરંતુ વાચકોને લેખ-વાંચવાની ઈંતેજારી થાય તથા જેને પ્રવચન કરવું છે તેઓને પ્રેરણા મળે તે હેતુથી લેખનું મથાળું 'મારી શોધ' આપેલ છે.

આપ્ત પૂજ્ય ગુરુજનો દ્વારા આપવામાં આવેલ અને મેં પ્રાપ્ત કરેલ જ્ઞાન-વિજ્ઞાનનો વ્યાવહારિક ઉપયોગ થાય તે માટે સમાજમાં નિરીક્ષણ-પરિક્ષણ કરતાં મને ચાર સૂત્રો જાણવા મળ્યા.

એક વખત હું બસમાં મુસાફરી કરતો હતો ત્યાં એલઆઈસીની જાહેરાત જો. તેમાં લખ્યું હતું, 'જીંદગી કે સાથ ભી, જીંદગી કે બાદ ભી'. આ બાબતે વિચાર કરતાં મને અકે જોરદાર સુત્ર હાથમાં આવ્યું. પ્રશ્નો કર્યો. એલઆઈસીનું સ્લોગન શું છે ? શ્રોતાઓને આવા અણધાર્યા પ્રશ્નથી મુંઝવણ થઈ. જોડા ગૂંચવાઈ ગયા, જેનો ઉકેલ મેં જ ઉપર મુજબ આપ્યો - 'જીંદગી કે સાથ ભી, જીંદગી કે બાદ ભી.' સ્લોગન વિશે મેં સમજાવતાં જણાવ્યું કે ધારો કે કોઈ વ્યક્તિ એક, બે, પાંચ કે દસ લાખનો વિમો પાંચ,દસ,પંદર કે વીસ વર્ષ માટે ઉતરાવે અને જો આ સમય દરમ્યાન જે તે વ્યક્તિનું મૃત્યુ ન થાય તો વિમા કંપનીવાળા જે તે વ્યક્તિને જેટલી રકમનો વિમો ઉતરાવેલ હોય, તેટલી રકમ ઉપરાંત વ્યાજ તથા બોનસ પણ આપશે. અને જો જે તે વ્યક્તિ નિશ્ચિત સમય કરતાં પહેલાં ગુજરી જાય તો એલઆઈસી વાળા વિમાની રકમ ઉપરાંત બોનસ તથા વ્યાજ જે કાંઈ પણ આપવાપાત્ર થતું હોય, તે આપશે. આમ એલઆઈસીનું સ્લોગન- 'જીંદગી કે સાથ ભી જીંદગી કે બાદ ભી' સાર્થક થાય છે. બંધબેસતું થાય છે. હવે મેં શ્રોતાઓને બીજો પ્રશ્ન કર્યો કે પતિ-પત્નિનું સ્લોગન શું છે ? તેઓ માટે ફરી અણધાર્યો પ્રશ્ન હોઈ, તેઓ ગૂંચવાયા. ફરી મેં જ જવાબ આપ્યો, 'જીંદગી કે સાથ ભી' જ્યારથી બંને સ્ત્રી-પુરુષ લગ્ન કરે છે ત્યારથી તે બેમાંથી એ અથવા બંને જણ મૃત્યુ પામે ત્યાં સુધી જ બંનેનો સાથ રહે છે. મૃત્યુ પછી તેઓનો કોઈ જ સાથ રહેતો નથી. આમ પતિ-પત્નિનું સ્લોગન છે 'જીંદગી કે સાથ ભી' ઠીક આ રીતે જ માતા-પિતા, પુત્ર-પુત્રી, ગુરુ-આચાર્ય, સગા સંબંધી, મિત્રો, પાડોશી સાથે પણ આપણો સંબંધ આ જ રહે છે. હવે મેં ત્રીજો પ્રશ્ન કર્યો કે - ઈશ્વરનું સ્લોગન શું છે ? ફરી મેં જ ઉત્તર આપ્યો, 'જીંદગી કે પહેલે ભી, જીંદગી કે સાથ ભી, જીંદગી કે બાદ ભી.' મેં તેઓને સમજાવ્યું કે આ જીંદગી પહેલાં પણ ઈશ્વર આપણી સાથે હતો અત્યારે પણ આપણી સાથે છે. અને ભવિષ્યમાં પણ આપણી સાથે જ રહેશે. ઈશ્વર સાથેનો આપણો સંબંધ નિત્ય છે, હંમેશા છે, શાશ્વત છે. અને આ સમય દરમ્યાન ઈશ્વરના આપણાં ઉપર અનંત ઉપકારો છે તેથી આપણે ઈશ્વરને સૌથી વધારે મહત્વ આપવું જોઈએ. અત્રે હું ગુરુજનનું વિધિ-વિધાન કે જે દૃષ્ટત્વ છે, તેને ટાંકવાની લાલચ રોકી શકતો નથી. 'જો ચીજ જીતની લાભકારી હો, ઉસે ઉતની હી મહત્તા દેની ચાહીએ ક્યું કિ ઈશ્વર હમારે લીયે સબ સે અધિક લાભકારી હૈ, અતઃ ઉસે સર્વોચ્ચ મહત્તા દેની ચાહિએ. યહ યથાયોગ્ય વ્યવહાર હૈ.

બીજુ સુત્ર મને વિક્સ વેપોરબના સ્લોગનમાંથી મળ્યું શરદી મટાડવા માટેની દવા વિક્સ વેપોરબનું સ્લોગન છે - 'શરદી કોઈને છોડતી નથી.' આના આધારે મેં ઈશ્વરનું સ્લોગન બનાવ્યું - 'ઈશ્વર કોઈને છોડતો નથી.' ઈશ્વર ન્યાયકારી છે. તે સૌને તેઓના કર્મો પ્રમાણે ફળ આપે જ છે, તેથી ઈશ્વરનું સ્લોગન થયું - 'ઈશ્વર કોઈને છોડતો નથી.'

ત્રીજુ સુત્ર મને મચ્છર જોઈને મળ્યું. મચ્છર મારવાની દવા - કાલા હીટ નું સ્લોગન છે - 'એક મચ્છર ભી ડેન્જરસ હૈ.' અને આ બાબતે સ્લોગન સુઝ્યું 'એક દુર્ગુણ ભી ડેન્જરસ હૈ.' પ્રત્યક્ષ પ્રમાણ જોઈતું હોય તો રાવણ, કંસ દુર્યોધનના જીવનને જુઓ. અભિમાન નામના એક દુર્ગુણને કારણે તેઓ જુવાનીમાં જ અકાળે ભૂંડી રીતે મૃત્યુ પામ્યા.

ચોથું સુત્ર - મોક્ષ પ્રાપ્તિ માટે પરોપકાર કરવો. (નિષ્કામ કર્મ કરવું) એ મુખ્ય સાધન છે. પરોપકારીનું જીવન પવિત્ર, ગુણયુક્ત ઉમદા અને શ્રેષ્ઠ હોય છે. કેટલાક અનમોલ વચન -

ગુણ ન હો તો રૂપ વ્યર્થ હૈ
વિનમ્રતા ન હો તો વિદ્યા વ્યર્થ હૈ
ઉપયોગ ન હો તો ઘન વ્યર્થ હૈ
સાહસ ન હો તો હથિયાર વ્યર્થ હૈ
ભૂખ ન હો તો ભોજન વ્યર્થ હૈ
હોશ ન હો તો જોશ વ્યર્થ હૈ ઔર
પરોપકાર ન કરેવાલોં કા તો જીવન હી વ્યર્થ હૈ.

ઉપરોક્ત અનમોલ વચન વાંચતા મને નીચે મુજબનું સ્લોગન સૂઝ્યું

અપને લિએ તો કુત્તા ભી જીતા હૈ, ઔર ચિત્તા ભી જીતા હૈ
જો દુસરો કે લિયે જીતા હૈ વહી વાસ્તવ મેં જીતા હૈ.

ચાલો ત્યારે, ફરી નવા સ્લોગન મળશે ત્યારે 'અગ્નિપથ'ના માધ્યમથી આપણે ફરી મળીશું. અને હા, આવા સ્લોગન બનાવવાનો શું મારો જ ઈજારો છે ? જો આપને પણ કોઈ આવા સ્લોગન મળી જાય તો 'અગ્નિપથ'ને મોકલી આપશો જેથી અમોને પણ આપના સ્લોગનનો લાભ મળે.



## ચંદ્રેશ ચિંતન

(૧)- ચંદ્રેશ આર્ય, ગાંધીધામ

# સંપત્તિ અને દમ્પતિ

સંપત્તિ અને દમ્પતિ બંનેને શુદ્ધ સ્વરૂપે સાચવવા સમાજ માટે જરૂરી છે. સંપત્તિ વગર સાંસારિક વ્યવહારો ન ચાલે અને દમ્પતિઓ વગર માનવ સમાજનો વંશ વેલો ન ચાલે. સંસારને સુચારૂ રૂપે ચલાવવા માટે સંપત્તિ અને દમ્પતિ શુદ્ધ પવિત્ર અને પ્રામાણિક હોય તો સંસારમાં સુખ અને શાંતિની સ્થાપના થાય છે. સંપત્તિ અને દમ્પતિ સંસારના સંચાલન માટે આવશ્યક અને અનિવાર્ય અંગ હોવા છતાં તે અશુદ્ધ અપવિત્ર અને અપ્રામાણિક હોય તો સંસારના શ્રેષ્ઠ સંચાલનમાં અવ્યવસ્થા ઉત્પન્ન થાય છે. વર્તમાનની આવી અવ્યવસ્થા સજ્જનોને ઉડીને આંખે વળગે છે. આજે સંસારમાં જોવા મળતી વિકૃતિ અને અવ્યવસ્થાનું કારણ સંપત્તિ અને દમ્પતિઓની અશુદ્ધિ, અપવિત્રતા અને અપ્રમાણિકતા જ છે. સંસાર અને સમાજમાં જ્યારે સંપત્તિ અશુદ્ધિથી, અપ્રમાણિકતાથી આવે ત્યારે મનુષ્ય માજમાં બુદ્ધિ બાલીશ મારી જાય છે. સમજણની શાન ઠેકાણે હોતી નથી. પરિણામે એ જ સંસાર અને સમાજમાંથી આવતા દમ્પતિઓ વિશુદ્ધ કેવી રીતે હોઈ શકે ?

પરિણય બંધન (લગ્ન)ની પત્રિકાથી શરૂ કરીને પૂર્ણાહૂતિ સુધીની પ્રત્યેક પ્રક્રિયામાં સંપત્તિનું પ્રદર્શન જ જોવા મળે છે. પત્રિકામાં પ્રેમસભર આમંત્રણ કરતાં પૈસાના પ્રદર્શનની અભિવ્યક્તિ આગળ આવીને દેખાય છે. પૈસાના પ્રદર્શનની પરખ પળે-પળે ઓળખાયા વગર રહેતી નથી. પત્રિકામાં છાપેલા પવિત્ર બંધન શબ્દપ્રયોગ દમ્પતિઓ માટે ખરેખરા અર્થમાં શોભાયમાન બનવો જોઈએ. પણ અહીં તો પવિત્ર બંધનના પળે-પળના પ્રસંગમાં અપવિત્રતા આંખે ઉડીને ઉભી હોય છે. જેમ કે અશ્લીલ નાચ-ગાન, અશોભનીય વસ્ત્રો અને સ્વછંદ વિહાર આવું બંધન કેટલે અંશે પવિત્ર કહેવાય ? પવિત્ર બંધનની પત્રિકાઓ પસંદ કરવા ૫૦ દૂકાનો ફરી તોય મન પસંદ ન મળી એવું રટણ કરી સૌ પર રોફ જમાવે. પવિત્ર વસ્ત્રો ખરીદવા એક વર્ષ પણ ઓછું પડ્યું. સોનાના ઘરેણાંઓની સો ડિઝાઈનો જઈ, પણ સૌથી અલગ એક પણ ન સમજાણી. આ બધી પવિત્ર બંધનની ચીજ વસ્તુઓ જોવા અને ખરીદવામાં જ દમ્પતિઓની સ્વયંની ડિઝાઈન પણ બદલી જતી હોય છે. મુંબઈ જેવા મહાનગરોમાં તો લગ્નના દિવસે દમપતિઓ માટે ઘરે દાક્તરો બોલાવવા ના કિસ્સા બને છે. કારણ કે પવિત્ર બંધનની તૈયારીમાં અપવિત્ર વસ્તુઓની એટલી ઘૂમ ખરીદી કરી-કરી રખડપટ્ટીમાં થાકી જવાથી અને રાત્રીના ઉજાગરાને કારણે અસ્વસ્થ થઈ જાય છે. લગ્ન બંને શરીરોના થાય છે. એ શરીરની કાળજી કરતાં નથી પણ વસ્તુઓની- વસ્ત્રોની વિગેરેની કાળજીમાં જ મસ્ત અને મગ્ન રહે છે. અમુક વર્ષો પહેલાં મુંબઈમાં હું એક પરિવારમાં પ્રચાર અર્થે રોકાયેલ હતો. તે દરમ્યાન યજમાને આદેશ કર્યો કે એક કલાક પછી આપણે ઘરેથી નીકળશું. હાલમાં મારા વેવઈ આવે છે. એકાદ કલાક અમે લગ્ન અંગેની પૂર્વ તૈયારીઓ અંગે વાતચીત કરીશું. હું એક ખૂણામાં બેસી વાંચન કરતો રહ્યો અને બંને વેવાઈઓ લગ્ન પૂર્વેની ગોઠવણોમાં વ્યસ્ત રહ્યા. પછી આવેલ વેવાઈ મારા પર નજર નાંખતા બોલ્યા તમે પણ આમાં કંઈ સલાહ-સૂચન આપો તો સારૂ. એમની ભાવના ખૂબ સારી હતી. મારા પ્રત્યેનો આદરનો ભાવ પણ હતો. એટલે હું બોલ્યો. પૂછા બદલ આભાર. પણ તમે મારી વાત માનશો નહીં. કારણ કે હું જે સલાહ-સૂચન આપીશ તે બંને વેવાઈઓ અને દમ્પતિઓ ને પણ ગળે નહિં ઉતરે. મેં કહ્યું કે હું એવું માનુ છું કે લગ્ન હોય કે ગમે તે પ્રસંગ હોય વ્યવસ્થા એવી હોવી જોઈએ કે લગ્નના દિવસે પણ દમ્પતિઓના માતા-પિતા હિંચકા ઉપર બેસીને નિરાંતે છાપુ-દૈનિકપત્ર વાંચી શકે. આવી સુચારુ વ્યવસ્થા હોય તો જ તમે બધા લગ્ન પ્રસંગનો પ્રસન્નતા પૂર્વક આનંદ માણી શકો. બાકી તો લગ્નોમાં અવ્યવસ્થા અને ઉજાગરા જ હોય છે. આવી અવ્યવસ્થામાં ઘરના લોકો દાક્તરની ગોળીઓ ખાઈ સારા વસ્ત્રો વચ્ચે ટેન્શનમાં ફરતા હોય છે. ઘરની સ્ત્રીઓ સોનાના કિંમતી આભૂષણો તો પહે છે પણ અતઃકરણમાં જરાય કિંમતી શાંતિ હોતી નથી. વર્તમાન લગ્ન પ્રસંગોમાં શાંતિ અને સમજણ સો જોજન દૂર હોય છે. ઉમંગ વગરનું ઉત્તેજીત વાતાવરણ, અશ્લીલ અવાજોવાળી ધૂનના ગીતો અને અસ્ત-વ્યસ્તતાનો અંબાર ચરમ સીમા પર હોય છે. આવા વાતાવરણમાં રહેવાથી આયુષ્યના અમૂક દિવસો ઓછા થઈ જાય તો નવાઈ ન પામતા. આપણે સહુ વર્ષોથી એ વાક્ય સાંભળતા આવ્યા છીએ. 'આ લગ્નની ચિંતા છે એક વાર થઈ જાય એટલે નિરાંત.' વ્યવસ્થિત રીતે અવ્યવસ્થિત થઈને રહેવું એ આપણી ટેવ કે ખાસિયત થતી જાય છે. અવ્યવસ્થાને આપણે અપનાવી લીધી છે. પરિણામે શરીર અને મન પણ અવ્યવસ્થિત થતાં આપણે શારીરિક અને માનસિક રોગોમાં સપડાઈએ છીએ. જે આપણા સમાજની વિચિત્રતા છે.

આજનો ભૌતિકવાદી મનુષ્ય વસ્ત્રો, ઘરેણાં, ફર્નિચર, વાસણો, ઘરવખરીનો સામાન વિગેરે-વિગેરે વસ્તુઓની ડિઝાઈનોને જોવા અને પસંદ કરવામાં જ જીંદગીના કેટલાયે કિમતિ દિવસો વેડફી નાંખે છે. બજારમાં દરેક-દરેક વસ્તુઓની સેંકડો નહીં પણ હજારો ડિઝાઈનો અને હજારો વિવિધ કલરોમાં મેચીંગ વસ્તુઓ ઉપલબ્ધ હોવા છતાં તેની પસંદગીની ડિઝાઈન અને કલમાં અસંતોષ જ દેખાડે છે. આ બધી માથાકૂટમાં તેના શરીરની ડિઝાઈન અને કલર પણ ઝાંખા પડી જાય છે. એ તો સારુ છે કે ભગવા માણસની પસંદગી પ્રમાણે ડિઝાઈન અને કલર બનાવતો નથી. નહીં તો આ માણસ ભગવાનને આ ડિઝાઈન અને કલમાંથી નવરો જ થવા ન દે. ઘણી બધી વસ્તુઓ એક સાથે જોવાથી મનની સ્થિતિ વધુ મૂંઝાયેલી રહે છે. એક મૂંઝાયેલા માણસને પસંદગીના બજારમાં મૂકી આવો એ વધુ મૂંઝાયેલો રહેશે. મૂંઝાયેલા માણસમાં માનવતાના મણકાઓ મહેંકતા નથી. અને નથી તે મહાન બની શકતો. અને ક્યારેક તો એ માણસ હોવાને લાયક પણ નથી રહેતો.

(ક્રમશઃ)

# ઈશ્વર, જીવ અને પ્રકૃતિ

બ્રહ્માંડમાં જે કંઈ પણ છે એનું પણ શબ્દમાં વર્ણન કરી શકાય- ઈશ્વર, જીવ અને પ્રકૃતિ - પ્રકૃતિમાં પરિવર્તન થતું રહે છે. સ્વંય પ્રકૃતિને આના વિશે કંઈ ખબર નથી પડતી કે સુખ દુઃખનો ભાસ થતો નથી. આ પરિવર્તન ઈશ્વરીય નિયમને આધીન થતાં હોય છે. જીવની પરિસ્થિતિ કંઈક જુદી અને વિચિત્ર છે તે પ્રકૃતિના મોહમાં પડીને શોકમાં ડૂબી જાય છે.

મનુષ્ય પૃથ્વી પર ઉભો છે પરંતુ તેની દૃષ્ટિ ઉપર અને નીચે જોવામાં છે અને આ જોવા જોવામાં જ સમસ્ત જીવન વ્યતિત થઈ જાય છે. સારા - નરસા માણસોનો ફરક આનું જ પરિણામ છે. સારા માણસો ઈશ્વર સાથે સંબંધ સ્થાપિત કરવાનો પ્રયત્ન કરે છે, બીજા પ્રકારના માણસો પ્રકૃતિને વળગી રહે છે.

આપણા બધા પ્રશ્નોમાં મૂળ પ્રશ્ન એ છે કે આપણે ઈશ્વર અને પ્રકૃતિ સાથે કેવો સંબંધ રાખીએ !

સ્વામી દયાનંદ સરસ્વતીના જીવનની નાની એવી ઘટનાએ આ સમસ્યાનું સમાધાન કરી દીધું છે. એમની ઉંમર ચૌદ વરસની હતી ત્યારે એમના પિતા એમને રાત્રિ જાગરણ અને શિવપૂજન માટે પોતાની સાથે શિવમંદિરમાં લઈ ગયા. અડધી રાત્રે જ્યારે બધા સૂઈ ગયા ત્યારે એક ઉંદર દરમાંથી નીકળ્યો અને શિવની મૂર્તિ ઉપર ચઢી આમ તેમ દોડવા લાગ્યો અને ત્યાં મૂકેલી ભોગ સામગ્રીને ખાવા લાગ્યો આ જોઈને તેમણે વિચાર્યું કે જે મૂર્તિ પોતાની રક્ષા એક ઉંદરથી નથી કરી શકતી એ જગતનું પાલન પોષણ અને રક્ષણ કેવી રીતે કરશે? જીવાત્મા પ્રકૃતિથી મહાન છે. તેણે પ્રકૃતિ સામે નમવું ન જોઈએ.

આ વિચારની વ્યાકુળતાને કારણે દયાનંદ ઘર છોડ્યું વેદોનો અભ્યાસ કર્યો એ દયાનંદ સરસ્વતી બની ગયા. વિ.સં. ૧૯૨૪ના કુંભ મેળામાં ગંગા કિનારે "પાખંડ ખંડિની" ધજા ફરકાવી અને ઘોષણા કરી કે તે પોતે જીવનનો શેષભાગ એક ઈશ્વરની પૂજામાં વ્યતીત કરશે.

સ્વામી દયાનંદના વ્યાખ્યાનો અને શાસ્ત્રાર્થોનો મુખ્ય વિષય ઈશ્વર જ આપણા બધાનો ઉપાસ્ય દેવ છે તે રહેતો. તેઓ કહેતા પત્થર પૂજા કરતાં કરતાં આપણી બુદ્ધિ પત્થર જેવી થઈ ગઈ છે. આ આત્માનું સ્થાન પ્રકૃતિથી ઉપર છે.

સ્વામી દયાનંદનો પ્રથમ અને મુખ્ય સંદેશ એ હતો કે તમે આત્મા છો, પ્રકૃતિ સામે ઝુકો નહીં. એક ઈશ્વરની ઉપાસના કરો, એજ બધાનો ઉપાસ્ય દેવ છે.

- સુશ્રી જશવિદ્યાબેન સી. સોમપુરા, આર્યસમાજ રાણીપ


## અથર્વવેદ ભાષ્ય (પ્રથમ ખંડ) ના પ્રકાશનની યોજના

ફેબ્રુઆરી માસના અંતમાં અથવા માર્ચ માસના પ્રારંભમાં પ્રકાશનનું કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે.

દરેક આર્યસમાજ, આર્ય શિક્ષણ સંસ્થાઓ, અન્ય સંસ્થાઓ અગ્રિમ ગ્રાહક બનીને જોડાય તે ઈચ્છનીય છે

ઈશ્વરીય વાણી વેદનો અધિક માત્રામાં, તીવ્ર ગતિથી જન-જન સુધી પ્રચાર થાય તથા લોકો વેદને વાંચે, સમજે તથા તદનુસાર આચરણ કરી સમાજમાં સુખ શાંતિની સ્થાપના કરે એ ઉદ્દેશ્યથી ગુજરાતી ભાષામાં સર્વપ્રથમ વેદભાષ્ય પ્રકાશન કરવાની યોજના બનાવવામાં આવી છે. જેના અંતર્ગત યજુર્વેદ, સામવેદ અને ઋગ્વેદ ભાષ્ય ભાગ ૧,૨,૩ નું પ્રકાશન સંપન્ન થયેલ છે અને અથર્વવેદ ભાષ્ય (પ્રથમ ખંડ)નું પ્રકાશન આરંભાઈ ચૂક્યું છે. એક પ્રતિની કીમત ૫૦% છૂટ ની સાથે ૪૦૦ રૂ. રાખેલ છે.

### નીતિનિર્ધારણ કરતા મહાનુભાવોમાં વિતરણ

આ યોજનાના પ્રથમચરણમાં યજુર્વેદ ભાષ્યનું ભવ્ય પ્રકાશન કરી ૯૪૪ પાનાના આ બૃહદ ગ્રંથનું વિમોચન ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે તા. ૨૯-૧૨-૦૮ના રોજ કરવામાં આવેલ છે. ત્યાર બાદ સામવેદ ભાષ્ય (પાના-૬૨૪), ઋગ્વેદ ભાષ્ય ૧ (પાના-૭૭૬), ઋગ્વેદ ભાષ્ય ૨(પાના-૮૦૮), ઋગ્વેદ ભાષ્ય ૩(પાના-૧૦૪૦) વગેરે ગ્રંથ પ્રકાશિત કરાયા. પ્રકાશિત ગ્રંથ વિભિન્ન ધાર્મિક સંસ્થાઓ, મંદિરો, મઠો અને ધર્મક્ષેત્રના અગ્રણીઓ, વિદ્વાનો, પુરોહિતો તથા આચાર્યો, પ્રાધ્યાપકો, વિશ્વ-વિદ્યાલયો, સાર્વજનિક પુસ્તકાલયો, સંસ્કૃત તથા વેદ પાઠશાળાઓ, અનુસંધાન ભવનોની સાથોસાથ લોકસભાના સભ્યો, ધારાસભ્યો, મંત્રીગણ, વિવિધ પત્ર-પત્રિકાઓના સંપાદકો, ઉચ્ચ ન્યાયાલયોના ન્યાયમૂર્તિઓ, સામાજિક સંગઠનોના પદાધિકારીઓ વગેરેને ભેટ સ્વરૂપે પ્રદાન કરવાની કાર્યવાહી ચાલી રહી છે. અગાઉ અમે મનુસ્મૃતિ, સત્યાર્થ પ્રકાશ આદિ ઋષિકૃત ગ્રંથોનું આ પ્રકારે વિતરણ અને પ્રચાર-પ્રસાર કરેલ છે. વર્તમાનમાં જે બૃહદ યોજનાને મૂર્તિમંત બનાવવા જઈ રહ્યાં છીએ તેમાં આપનો સહકાર આવશ્યક છે.

### અથર્વવેદ ભાષ્ય (પ્રથમ ખંડ) ભાવાનુવાદક

શ્રી દયાલમુનિજી વાનપ્રસ્થ
(નિવૃત્ત વિભાગ અધ્યક્ષ, આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર)

- અથર્વવેદ ભાષ્ય (પ્રથમ ખંડ) ની ૫૦૦૦ નકલોનું પ્રકાશન થશે.
- આકાર : ૨૦ X ૨૮ (ક્રાઉન ૮ પેજ)
- ઉત્તમ કાગળ, મલ્ટીકલર ટાઈટલ, રેકિઝન બાઈન્ડિંગ
- સંપૂર્ણ ગ્રન્થનું બે કલરમાં મુદ્રણ કરાશે. પ્રચારાર્થે પડતર કિંમત કરતાં પણ ઓછી કિંમતમાં વિતરણ કરાશે.

### આપ આ યોજનામાં જોડાઈ શકો છો...

- વ્યક્તિગતરૂપમાં પોતાના પરિવાર, મિત્રો, સ્વજનો અને સ્નેહીજનો માટે તથા સમાજ કે સંસ્થા તરફથી વિશિષ્ટ મહાનુભાવોમાં વિતરણ કે વેચાણ કરવા માટે અગ્રિમ ગ્રાહક બનીને....
- જો આપને સ્વયં વિશિષ્ટ મહાનુભાવોમાં વિતરણ કરવાની અસુવિધા હોય તો અમે આપના નામથી વિતરણ કરાવી શકીશું. આ હેતુ માટે અનુદાન આપીને આપ સહયોગી બની શકો છો.
- પ્રકાશિત ગ્રન્થોમાં વિશિષ્ટ સહયોગી અને અગ્રિમ ગ્રાહકો અથવા તેમના દ્વારા નિર્દિષ્ટ મહાનુભાવોનું નામ, ચિત્ર, જીવનવૃત્ત અથવા પરિચય પ્રકાશિત કરવામાં આવશે.
- ચેક/ડ્રાફ્ટ અથવા રોકડ રકમ રણસિંહ આર્ય ના નામે મોકલવા વિનંતી છે.

- એક લાખ રૂપિયા અથવા તેનાથી વધારે ધનરાશિ પ્રદાન કરનાર સહયોગી/અગ્રિમ ગ્રાહક પોતાના રંગીન ચિત્ર તથા સંક્ષિપ્ત જીવન પરિચય અવશ્ય મોકલાવે.
- એકાવન હજાર પ્રદાન કરનાર મહાનુભાવ પોતાનું રંગીન ચિત્ર અને નામ, સરનામું મોકલાવે.
- એકાવન હજારથી ઓછા અને ઓછામાં ઓછા અગિયાર હજાર પ્રદાન કરનાર મહાનુભાવોના નામ અને સરનામા પ્રકાશિત કરવામાં આવશે.
- દાન દાતાઓને ગ્રંથ પ્રકાશિત થયેલી ભેટરૂપે યથાયોગ્ય નકલો મોકલવામાં આવશે.

અંતમાં જો આપ વૈદિક ધર્મી છો અને વેદ ધર્મનો પ્રચાર-પ્રસાર સર્વત્ર થાય તેવી ઈચ્છા છે તથા ઈશ્વરે આપને ધન અને શ્રદ્ધા પ્રદાન કરી છે તો અમને સહયોગ પ્રદાન કરીને આર્યોચિત ધર્મનું પાલન કરશો, એવા વિશ્વાસ સાથે...

### સૂચના

- અથર્વવેદ ભાષ્ય (પ્રથમ ખંડ)ના વિતરણ માટે કેટલી પ્રતોની જરૂર છે તે સત્વરે મુખ્ય વિતરકશ્રીને લખી મોકલવા વિનંતી છે.
- ઓછામાં ઓછી ૨૦ પ્રતોના અગ્રિમ ગ્રાહક થનાર સંસ્થા/વ્યક્તિનાં નામ, સરનામાં ગ્રન્થમાં પ્રકાશિત કરવામાં આવશે.

### ★ વાનપ્રસ્થ સાધક આશ્રમ ★

આર્યવન-રોજડ, પો. સાગપુર, જિ. સાબરકાંઠા, ગુજરાત-૩૮૩૩૦૭.
ફોન : (૦૨૭૭૦) ૨૮૭૪૧૭, ૨૯૧૫૫૫, ૯૪૨૭૦૫૯૫૫૦
Web : www.vaanaprastharojad.org • E-mail : vaanaprastharojad@gmail.com

સ્થાન સૌજન્ય : સર્વોત્કર્ષ સેવા સંસ્થાન્






વૈચારિક ક્રાંતિ માટે વાંચો
મહર્ષિ દયાનંદ સરસ્વતી કૃત
સત્યાર્થ પ્રકાશ
દરેક આર્યસમાજોમાં ઉપલબ્ધ



## જાહેર આમંત્રણ

### ૫૧ કુંડી યજ્ઞ

વૈદિક મહાસભા તથા ખાગેશ્રીના આર્યજનો દ્વારા



વૈદિક પ્રવક્તા શ્રી ચંદ્રેશજી આર્યના સાન્નિધ્યમાં

તારીખ : ૨૩/૦૨/૨૦૧૪

સમય : સવારે : ૮:૦૦ થી ૧૧:૩૦

સ્થળ : શ્રી નાથાલાલ અઘેરાનું ફાર્મ હાઉસ, ખાગેશ્રી, પોરબંદર

સ્થાન સૌજન્ય : સર્વોત્કર્ષ સેવા સંસ્થાન્


OWNER, PRINTER, PUBLISHER & EDITOR : ARVIND K. RANA PRINTED AT MUDRANKAN OFFSET, PLOT NO. 905/5/B, G.I.D.C., SECTOR-28, GANDHINAGAR.
PUBLISHED FROM : PLOT NO. 791/D/3, PANCHSHEEL PARK, SECTOR-21, GANDHINAGAR-382021. PHONE : (079) 23210071 E-MAIL : agnipathweekly@yahoo.com